


# દક્ષિણાપથની સાધનાયાત્રા

પ્રા. પ્રતાપકુમાર ટોલિયા

॥ ॐ नमः ॥

# વર્ધમાન ભારતી આં. રા. જૈનવિદ્યા વિશ્વવિદ્યાલય

# VARDHAMAN BHARATI INTERNATIONAL JAINOLOGY UNIVERSITY

## એક સ્વપ્નઃ એક આર્ષ દર્શન : એક પરિકલ્પના

પરમ ધ્યાનની અનુભૂતિની ધન્યપળોમાં પરમગુરુઓએ નીહાળેલું, પરા-વાણી દ્વારા અભિવ્યક્તિરૂપે પ્રેરેલું અને આ આત્માની સ્વયંની અભીપ્સાઓ દ્વારા સેવાયેલું -

.....એવું એક આર્ષ-દર્શન, એક સ્વપ્ન સર્જાયું :

શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત "આત્મ" લક્ષ્ય આધારિત ધ્યાન-જ્ઞાન-ભકિત-સેવાકર્મની સ્વયં-સમાજ ઉભયની સમગ્રતાભરી સંતુલિત સંપૂર્ણ સાધના સહ, સંપ્રદાયાતીત ઉન્મુકત સમન્વય દષ્ટિ મુજબનું, જૈન વિદ્યાઓનું અનુશીલન, અધ્યયન, અધ્યાપન પ્રારંભાય....

અને તે પણ પ્રદૂષિત નગરોમાં નહીં, પ્રશાંત વનોપવનોમાં પ્રકૃતિની ગોદમાં, એકાંત ગિરિકંદરાઓ અને શાંત સરિતા તટો પર, સર્વજ્ઞો અને પ્રાક ઋષિઓએ બોધ્યાનુસાર

"उपत्वरे गिरिणाम्, संगमे च नदीनाम्
धियां विप्रो अजायत ।।"

આવા પ્રબુદ્ધ અભ્યાસીના નિર્માણ અર્થે સર્જાઈ રહે -'પરા-પશ્યન્તિ' એવી વીતરાગવાણી-જિનવાણી-વર્ધમાન ભારતીનું વિશ્વવિદ્યાલય, જૈનવિદ્યાઓ સમેત સર્વ સાર્થક, શ્રેયકારી વિદ્યાઓનુ જૈન વિશ્વવિદ્યાલય.....!

આ કાજે નિમંત્રી રહ્યાં સાબરમતીથી તુંગભદ્રાતટની સપ્રાણ ગિરિગુફાઓના સાદ.....

દક્ષિણાપથની આ સાધનાયાત્રામાં એનું બીજ રોપાયું અને એના સંધાનપથોમાં ફૂટતું રહ્યું એને અંકુરિત કરતું વિશદ્ આયોજન. પરમગુરુઓએ પરમકૃપા કરી આ અલ્પાત્માને એ માટે યોગ્ય સમજી "અંતરમાં" અને "અતીતમાં" દષ્ટિ કરાવી.....

દર્શાયો ત્યાં સદીઓનો એક ભારેખમ ખાલીપો, એક અસામાન્ય અભાવ, એક મહાઘોર પ્રમાદ જૈનોનો'- ઉપર્યુકત ઉચ્ચ કોટિના એક પણ વિરાટ જૈન વિશ્વવિદ્યાલય નહીં સર્જ્યાનો - શ્રમણ સંસ્કૃતિની જ્ઞાન-અર્થ-તપ-આચાર-સત્તા સર્વરૂપે અતિસમૃદ્ધ પરંપરા અને વારસો હોવા છતાં ! અન્ય પરંપરાઓના અજંતા-ઈલોરાદિ કલાસાધનાલયો જ નહીં, તક્ષશિલા ને નાલન્દા જેવા વિશ્વવિદ્યાલયો સર્જાયાં (નાલન્દા, કે જ્યાં શ્રમણ ભગવાન મહાવીરનાં ચૌદ ચૌદ ચાતુર્માસો થયા અને પ્રાજ્ઞ શ્રાવકો વસતા રહ્યાં, છતાં ! ! )

અનુ. ટાઈટલ ૪ પર ચાલુ

# દક્ષિણાપથની સાધનાયાત્રા

(શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, હંપી, કર્ણાટકના પ્રથમ દર્શનનો આલેખ)

પ્રેરક:
**પૂ. આત્મદ્રષ્ટા માતાજી શ્રી ધનદેવીજી**

લેખક:
**પ્રા. પ્રતાપકુમાર ટોલિયા**

આમુખ:
**ડૉ. રામનિરંજન પાંડેય**

પ્રકાશક:
**વર્ધમાન ભારતી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન**
૧૨, કેમ્બ્રિજ રોડ, બેંગલોર-૫૬૦૦૦૮ (ફોન:૫૭૮૫[illegible]૭)
શૉ રૂમ : પ્રભાત કૉમ્પલૅક્સ, કૅમ્પૅગોડા રોડ, બેંગલોર-૫૬૦૦૦૯.

**પ્રકાશન :**
વર્ધમાન ભારતી ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન
૧૨, કેમ્બ્રિજ રોડ, બેંગલોર-૫૬૦૦૦૮

**ગ્રાફિક્સ :**
શ્રી રતિભાઈ લાલભાઈ શાહ
ગ્રાફિક પ્રોસેસ સ્ટુડિયો,
ભદ્ર, અમદાવાદ-૧.

**મુદ્રણ :** સાધના ઑફસેટ વર્ક્સ

**આંશિક અર્થસહાય :** એક ગુપ્ત ધર્મબંધુ : લંડન

**પ્રત :** ૧૦૦૦

**આવૃત્તિ :** પ્રથમ

**વર્ષ :** ૧૯૯૩

**સર્વાધિકાર :** કુ.કિન્નરી પ્ર.ટોલિયા

**મૂલ્ય :** રૂ.[illegible]૫=૦૦ (ટપાલખર્ચ અલગ)

# અર્પણ

આ સાધનાયાત્રાના પ્રેરક નિમિત્ત,
ઉપકારક અગ્રજ અને આશ્રમ-પ્રમુખ

**સ્વ. પૂ. ચંદુભાઈ ટોલિયાના**
**પાવન આત્માને....**

જેમની સંગે

હંપીના આશ્રમ-તીર્થે વસ્તુપાળ-તેજપાળવત્ અપૂર્વ જિનાલય-જૈન
વિશ્વવિદ્યાલય બંને સર્જવાની ભવ્ય ભાવનાઓ સ્વપ્નદ્રષ્ટા બની
**સદ્‌ગુરુદેવ સહજાનંદઘનજીને**
ચરણે બેસીને સેવી, પ્રયત્નો આદર્યા.... પરંતુ... એ સર્વે સાકાર
થતાં પહેલાં જ એ બંને અચાનક, અણધાર્યા, અસમય સ્વધામ
સિધાવ્યા..... પંખીના માળા વીંખાયા...
પાંખે પાંખે તીર પરોવાયાં.... ને સ્વપ્નો અધૂરાં રહ્યાં,
જીવનપ્રવાહો ધસમસતા વહ્યાં...

ક્યારે થશે એ વિરાટ ભાવનાઓ
આ અલ્પાત્માથી, અલ્પ જીવનમાં હવે પૂરી ?

**- પ્ર.**

# આમુખ

સાધનાની સ્થિતિ પરમ ધન્ય છે. જે આ માર્ગ પર ચાલી નીકળે છે તે સ્વયં પોતાને તેમ જ બીજાને પણ ધન્ય બનાવી શકે છે. આ માર્ગ પર ચાલનારને ક્રમશઃ પ્રકાશ પ્રાપ્ત થવા લાગે છે અને ધીરે ધીરે પરમ પ્રકાશની સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે. હજારો સૂર્યના પ્રકાશથી પણ અધિક તેજોમય આત્માનો પ્રકાશ હોય છે. જેને આ પ્રકાશ પ્રાપ્ત થઈ જાય છે, એની અંદરથી અજ્ઞાન અંધકાર સમાપ્ત થઈ જાય છે. તે સર્વજ્ઞ બની જાય છે.'સત્યં જ્ઞાનં અનન્તમ્ બ્રહ્મ' બ્રહ્મ સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને અનંત તત્ત્વ છે. જેને આ બ્રહ્મસિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે એની ચેતના અનન્તભેદિની બની જાય છે. એ અનન્ત ચેતનામાં બધું જ સમાઈ જાય છે, આ અનન્ત ચેતના બધું જ જોવા લાગે છે. એનાથી કશું છૂપું નથી રહી શકતું. બ્રહ્મજ્ઞાની સર્વજ્ઞ બની જાય છે. તે બધું જાણે છે. જે બ્રહ્મજ્ઞાની નથી તેની ચેતના અનન્ત ન બનતાં સીમિત જ રહે છે. સીમામાં બધું કેવી રીતે સમાઈ શકે ? સીમિત ચેતનાવાળો મનુષ્ય સર્વજ્ઞ કેવી રીતે બની શકે ?

સાધનાની પગદંડીનું નિર્માણ ગુરુની સહાયતાથી થાય છે. આ માર્ગ પર એ ગુરુ જ આગળ લઈ જઈ શકે છે, જેણે સ્વયં આ યાત્રા પૂરી કરી છે. જે સ્વયં માર્ગને ન ઓળખતા હોય એ શિષ્યને કયાં લઈ જઈ શકે ? આ જ સત્યનું ઉદ્‌ઘાટન કરતાં કબીરે કહ્યું છેઃ-

**"जाका गुरु है अन्धला, चेला खरा निरन्ध ।**
**अन्धा अन्धे ठेलिया, दून्यूं कूप पडन्त ।।"**

જેનો ગુરુ અંધ છે એવો શિષ્ય તો એથી ય વધારે અંધ હશે. જ્યારે એક આંધળો બીજા આંધળાને ધકેલીને આગળ લઈ જાય ત્યારે બંને એક સાથે કૂવામાં પડે.

ખરા ગુરુના લક્ષણ બતાવતાં કબીર કહે છેઃ-

**"बलिहारी गुरु आपणी, द्यो हाडी के बार।**
**लोचन अनंत उघाड़िया, अनंत दिखावण हार ।।"**

ગુરુ ! આપ ધન્ય છો. આપ તો સ્વગીર્ય અનંત સત્યનું દર્શન પ્રતિક્ષણ કરો છો. આપે મારી અંદર અનંત આંખો ખોલી દીધી, જેનાથી હું અનંતનું

દર્શન કરી શકું. અનંત લોચન જ અનંતનું દર્શન કરાવી શકે છે. જે આંખો જગતના સ્વાર્થની સાધનાને માટે માત્ર થોડા લોકો સુધી જ સીમિત રહી જાય, તે અનંતને કેવી રીતે જોઈ શકે ? જ્યારે આંખોની સીમા અનંત બની જાય ત્યારે જ અનંત સત્ય પરમાત્માનું દર્શન થાય. પ્રાપ્ત તો એ પ્રત્યેક ક્ષણે હોય જ છે, પણ એને અજ્ઞાન જોવા નથી દેતું - જેમ આપણા હાથમાં જ કોઈ વસ્તુ હોય અને આપણે એને શોધતા રહીએ તેમ - કબીરે કહ્યું છે ;

"तेरा सांइ तुझ में, ज्यों पुहुपन में बास।
कस्तुरी के मिरग ज्युं, इत उत सूंघत धास ।।"

જેમ ફૂલની સુગંધ ફૂલમાં જ સમાયેલી હોય છે, તેમ તારો સ્વામી તો તારી અંદર જ છે ! કસ્તુરીની સુગંધ મૃગની અંદર જ હોય છે પણ એને પ્રાપ્ત કરવા તે જ્યાં ત્યાં ઘાસ સૂંઘતો ભટકે છે. પ્રત્યેક પરમાણુમાં શકિત બનીને બેઠેલો પરમાત્મા પ્રત્યેક પળે સહુને પ્રાપ્ત જ છે, પણ એને જોવાની શકિત પ્રાપ્ત કરવી પડે છે.

અનંત પરમાત્મા સુધી પહોંચાડનારી યાત્રા પણ અનંત જ હોય છે. એ યાત્રાના પથ પર જો સદ્‌ગુરુ મળી જાય તો યાત્રી ધન્ય બની જાય છે. દક્ષિણાપથ જ શા માટે ? એ તો બધી દિશાઓમાં છે. એટલા જ માટે દક્ષિણમાં પણ. દક્ષિણમાં પણ ધન્ય આત્માઓ છે, પૂર્વ, પશ્ચિમ અને ઉત્તરમાં પણ- એક કરતાં એક ચઢી જાય તેવા ધન્ય ! હા, એમને શોધવાની આવશ્યકતા હોય છે. સાધકનું ભાગ્ય સારું હોય તો એને સિદ્ધ ગુરુ પ્રાપ્ત થઈ જાય છે. કબીરે એને જ-"કછુ પુખલા લેખ" કહ્યો છે. પૂર્વ જન્મની સાધના આગળ વધેલી હોય તો આ જન્મમાં સિદ્ધિ જલદી મળી જાય છે. આ સંસ્કાર મનુષ્યમાં જ નહીં, પશુપક્ષીમાં પણ સંભવે છે. ટોલિયાજીએ પોતાની આ કૃતિમાં આત્મારામ શ્વાનની સુંદર ચર્ચા કરી છે. જટાયુ, જાંબવાન, હનુમાન અને કાક ભુશુંડિ, પણ એવા જ સાધક હતા. ઉદયપુરનો ગજરાજ પણ આવા જ સંસ્કારોનો સ્વામી હતો. મત્સ્ય, કચ્છપ, વરાહ અને શેષનાગના શરીરમાં પણ અનંત સંસ્કારવાન નારાયણ બેઠેલા હતા. એ નારાયણ કયાં નથી ? પ્રહ્‌લાદ માટે તો તે થાંભલામાંથી પ્રગટ થયા હતા. ધર્મરાજ યુધિષ્ઠિર સાથે કૂતરો પણ સ્વર્ગ સુધી ગયો હતો. કૂતરા જેવો સ્વામીભકિતનો આદર્શ બીજે કયાં મળશે ? એટલે જ કબીરે કહ્યું :

**"कबीरा कूत्ता राम का, मोतिया मेरा नाउं।**
**गले राम की जेवरी, जित रवींचे तित जाउं ।।"**

કબીર રામનો કૂતરો છે, 'મોતી' મારું નામ છે. મારા ગળામાં રામની, એમના પ્રેમની, દોરી બંધાયેલી છે. એ મને જ્યાં ખેંચીને લઈ જાય છે ત્યાં હું ચાલ્યો જાઉં છું.

શરણાગત મુકત પુરુષની ભકિતનો આદર્શ જેવો શ્વાનના હૃદયમાં સ્થપાયેલો જોવા મળે છે, તેવો બીજે કયાંય સંભવ નથી.

સત્ય, અહિંસા અને પ્રેમની શકિત અપાર હોય છે. સર્વ મહાત્માઓ આની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે જ સાધના કરતા હોય છે. જેમને આ સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે તે "જિન" બની જાય છે, ઇન્દ્રિયાતીત "ભગવાન" બની જાય છે, સમગ્ર વિશ્વને એ પવિત્ર અને પાવન બનાવી દે છે. જૈન મહાત્માઓએ પણ આ ક્ષેત્રોમાં અદ્‌ભુત સિદ્ધિ પ્રાપ્ત કરી. આ જ સિદ્ધિની પ્રાપ્તિ પછી અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું હતું- **"नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रासादात्सुरेश्वर ।"**- હે દેવોના દેવ ! તમારી કૃપાથી જ મારું અજ્ઞાન દૂર થઈ ગયું. મને પોતાના અનંત સ્વરૂપનું સ્મરણ પ્રાપ્ત થઈ ગયું.

ટોલિયાજીએ પોતાની સાધનાના આ પથ પર એવા જૈન મહાત્માઓની ચર્ચા કરી છે, જેમનામાં વિશ્વમૈત્રી સ્થાપિત થઈ ચૂકી હતી, જે સમગ્ર વિશ્વને પ્રેમમય અને પવિત્ર બનાવી શકતા હતા....આવા મહાત્માઓના સ્મરણ માત્રથી મન પવિત્ર બની જાય છે. આ પાવન સ્મૃતિને શાશ્વત ધારામાં સ્થાપિત કરવાને માટે એ પ્રાતઃ સ્મરણીય આત્માઓના જીવનને અક્ષરબ્રહ્મને અર્પિત કરી ગ્રંથનું રૂપ આપવામાં આવે છે. ટોલિયાજીનો આ સફળ પ્રયાસ અનુશીલન કરનારાઓના મનને નિર્મળ બનાવવાની શકિત ધરાવે છે. આ ગ્રંથને અનંત પ્રણામ.

**- ડૉ.રામનિરંજન પાંડેય**

ભૂતપૂર્વ હિન્દી વિભાગાધ્યક્ષ,
ઉસ્માનિયા વિશ્વવિદ્યાલય, હૈદ્રાબાદ,
પ્રણેતા, સરસ્વતી વિદ્યાપીઠ સંકુલ,
આંધ્રપ્રદેશ, હૈદ્રાબાદ (દક્ષિણ).

# પ્રસ્તાવના

વર્ષો પૂર્વે, અહીં વર્ણિત અદભૂત તીર્થભૂમિના રત્નકૂટ, વિજયનગર, હંપી, કિષ્કિન્ધાનગરીની કર્ણાટકની પ્રાચીન પાવન ભૂમિ પર સર્જાયેલ, ગુજરાતના આધ્યાત્મિક સંસ્કાર-વારસા સમા નૂતન એવા "શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ"ના સાધનાધામના પ્રથમ દર્શને જતાં આ આલેખ સહજ લખાઈ ગયો હતો. તે પછી તો આ સાધનામય ભૂમિનું એવું તો ચુંબકીય આકર્ષણ રહ્યું કે આ પંકિતઓના લેખકે આ આશ્રમની અભિનવ ભૂમિ ઉપર સ્વયં-સાધના માટે જ નહીં, એક આગવી વિદ્યાપીઠ ઊભી કરવા માટે પણ, ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદનું પ્રાધ્યાપક-પદ છોડીને અને વિદેશોનાં અનેક નિમંત્રણો જતાં કરીને, બેંગલોર તેમજ હંપી આવીને વસવાનું સ્વીકાર્યું.

આ સ્થાન-પરિવર્તન અને ઉકત વિદ્યાપીઠ-નિર્માણકાર્ય પાછળ સર્વપ્રથમ સંકેત અને આજ્ઞા હતાં-પરમોપકારક વિદ્યાગુરુ અને ગુજરાત, ભારતના મહાપ્રાજ્ઞ વિદ્યાપુરુષ એવા પ્રજ્ઞાચક્ષુ પંડિતવર્ય ડૉ. સુખલાલજીના, કે જેમણે ૧૯૭૦માં આ લખનારને પોતાની નિશ્રા અને સેવા છોડાવીને પણ અહીં આવવા પ્રેર્યો !

તે પછીનો તો અહીંનો એક મોટો ઇતિહાસ છે, જે "સાધનાયાત્રાનો સંધાનપંથ" નામે ગુજરાતીમાં અને અન્ય અનેક કૃતિઓ સ્વરૂપે હિન્દી, અંગ્રેજી અને કન્નડ ભાષાઓમાં લખાઈ અને પ્રકાશિત થઈ રહેલ છે.

આજે આ પ્રાક્-નૂતન તીર્થધામના સંસ્થાપક યોગીન્દ્રશ્રી સહજાનંદજી આ ધરતી પર નથી, પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રી સુખલાલજી પણ સદેહે નથી, પરંતુ આ બંને મહાપુરુષોની આર્ષદ્રષ્ટિભરી પ્રેરણા અને ભવ્યભાવના-એક અભિનવ વિદ્યાપીઠના નિર્માણની-એ ભૂમિ ઉપર આજે બિરાજમાન જ્ઞાનમયી કરુણામયી ભકિતમયી જગત્માતા "માતાજી"ની પાવન નિશ્રામાં* ફળવા જઈ રહી છે : ચૌદ ચૌદ વર્ષોની તપશ્ચર્યાઓ અને ભૂમિકા-નિર્માણ પછી, અપાર પ્રતિકૂળતાઓની વચ્ચેથી ! ઉકત યોગીપુરુષ અને પ્રાયઃ અજ્ઞાત એવા યોગીન્દ્ર સદ્ગુરુદેવ શ્રી સહજાનંદઘનજીનો જ સતત પ્રેરક આદેશ રહ્યો છે કે "પ્રતિકૂળતાઓને અનુકૂળતાઓ માનજો !"

ગુજરાતના સાધક-કવિશ્રી મકરંદ દવેએ દૂરથી જ આ મહાપુરુષ અને

*પૂ. માતાજી પણ હમણાં ૪-૪-૯૨ના સમાધિપૂર્વક વિદેહસ્થ થઈ ગયાં છે !

તેમની આ યોગભૂમિનો પરિચય પામીને લખ્યું છે-"વિજયનગર હંપીના ખંડેરો વચ્ચેની આ ભૂમિમાં મને નવો ઉજાસ દેખાઈ રહ્યો છે." આ બધાં વિષે વિશેષ બધું તો વાચકોના રસ અને પ્રતિભાવ જાણ્યા બાદ અવસરે. અહીં તો છે માત્ર પ્રથમ દર્શનનો આલેખ.

કૃતિ તો આ આલેખની નાનકડી, પરંતુ એમાં નિહિત સંભાવનાઓ વિરાટ વટવૃક્ષની. પરમગુરુઓની જ એ કૃપા. એમાં મારું કશું નહીં. પ્રેરણા-રૂપે અને શકિતરૂપે આ મહત્‌પુરુષો-પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી, પ્રજ્ઞાચક્ષુ ડૉ.પં.શ્રી સુખલાલજી, યોગીન્દ્ર યુગપ્રધાન શ્રી સહજાનંદઘનજી અને આત્મદ્રષ્ટા માતાજી ઉપરાંત સહાય અને સહયોગરૂપે અનેક વડીલ ગુરુ-જનો અને સ્વજનો એમાં ખરા જ.

ઉકત પરમગુરુ મહત્‌પુરુષોનો ઉપકાર તો વાળી શકવો જ અશકય પરંતુ આ આપ્તજનોનો સાભાર ઉલ્લેખ ધર્મ્ય છે. આ ઉપક્રમમાં સદા સ્મરણીય રહેશે આ સાધનાયાત્રાના અને રત્નકૂટના આશ્રમતીર્થ પર ભવ્ય જિનાલય અને અભૂતપૂર્વ જૈન વિશ્વવિદ્યાલયના, ઉપર્યુકત મહત્‌પુરુષોના જેટલા જ, નિર્માણ-પ્રેરણાદાતા સ્વ.અગ્રજ શ્રી ચંદુભાઈ ટોલિયા. આશ્રમના પ્રમુખ તરીકેની તેમની પ્રારંભિક નિર્માણ સેવાઓ હજી તો વિરાટને આંબવા માગતી હતી. આ અનુજને સાથે લઈને તેઓ આ પાવન તીર્થભૂમિ પર ઉપર્યુકત બે વિરાટ નિર્માણો દ્વારા વસ્તુપાળ-તેજપાળની બંધુ બેલડીના આદર્શને ચરિતાર્થ કરવા ઝંખી રહ્યા હતા....

પરંતુ વિધિની વિચિત્રતા અને સ્વપુરુષાર્થની કસોટી કે તેઓ આ વિરાટ કાર્યો નિમિત્તે મારા ગુજરાત છોડી કર્ણાકટ-બેંગલોર, હંપી-સ્થાનાંતર બાદ, ગુરુદેવશ્રી સહજાનંદઘનજીના મહાપ્રયાણના બરાબર એક માસ પૂર્વે, ૨ ઓકટો. ૧૯૭૦ના દિને, મોટર અકસ્માતમાં પણ ગુરુકૃપાથી સમાધિ જાગૃતિપૂર્વક સ્વર્ગવાસી થયા. એક મહિને, ૨ નવેમ્બર ૧૯૭૦ના દિને સ્વયં ગુરુદેવ શ્રી સહજાનંદઘનજી પરમકૃપાળુ દેવને પગલે મહાવિદેહવાસી થયા ! બે વિરાટ નિર્માણોના બે વિરાટ આધારો ગયા !! આ આત્માના બાહ્યાંતર જીવનમાં આ વજ્રાઘાતોએ અપાર "પ્રતિકૂળતાઓ" સર્જી, પણ એમાં "અનુકૂળતાઓ" માનતા જવાના ગુરુ-આદેશ અને સદેહે શેષ રહેલા આત્મદ્રષ્ટા માતાજીએ નિકટથી અને પ્રજ્ઞાચક્ષુ પં.સુખલાલજીએ સુદૂર ગુજરાતથી બળ પૂર્યા કર્યું. પૂર્વોકત બે વિરાટ નિર્માણોની ભૂમિકા રૂપે "વર્ધમાન ભારતી"ના સ્વદેશ- વિદેશનાં અનેક વિદ્યાસર્જનો થઈ રહ્યાં.

છાયારૂપે સર્વત્ર ધર્મપત્ની સુમિત્રાનો અને પ્રતિછાયાઓ રૂપે અમારી સમર્પિત સુપુત્રીઓનો સહયોગ પારાવાર રહ્યો, જેમાં ઉકત મહાપુરુષોની જ કૃપા. દેશ-વિદેશનાં અનેક સાથીઓના સહયોગનો તો હજુ જુદો વૃત્તાંત લખવો રહેશે.

આ સર્વ સહયોગોથી ચાલી રહેલા વર્ધમાનભારતીના અને આશ્રમના યત્કિંચિત્ સર્જનકાર્યોના ઉપક્રમમાં સ્વત્વની ભારે કસોટી કરતા વળી બે મોટા વજ્રાઘાતો આવ્યા-પ્રથમ અમારાં સર્વસૃજનોના પ્રાણસમી જ્યેષ્ઠા સુપુત્રી કુ. પારુલનો પણ ભરયુવાવસ્થામાં અસમય જ, માર્ગ ઓળંગવાના મોટર અકસ્માત દ્વારા, આ લખનારની પાંચમી વિદેશયાત્રા દરમ્યાન ૨૮ ઑગસ્ટ, ૧૯૮૮ના દિને બેંગલોરમાં સ્વર્ગવાસ અને બીજો અમારા જીવનના કેન્દ્ર સમ આશ્રમના અધિષ્ઠાત્રી આત્મદ્રષ્ટા માતાજીનો યે ૪ એપ્રિલ ૧૯૯૨ના દિને હંપીથી મહાવિદેહનો મહાપ્રવાસ !!

સ્વ. પારુલનો આ "સાધનાયાત્રા"ની લઘુકૃતિના હિન્દીકરણમાં સર્વત્ર વિશિષ્ટ પ્રભાવ ઉપજાવતો અનેરો સહયોગ રહ્યો. તે જ રીતે ઊંડા ચિંતન ને અનુમોદનાપૂર્વક આ કૃતિનો "આમુખ" લખી આપીને, મારા વિશ્વ-વિદ્યાલયીન અનુસ્નાતક અધ્યયન સમયથી ઉપકારક વિદ્યાગુરુ રહેલા વિદ્વાન્ સાધકવર્ય ડૉ. રામનિરંજન પાંડેયજીનો હૃદયથી આભાર માનું છું.

અન્ય સહયોગીઓનો પણ ભાવપૂર્વક આભાર માની આ પ્રાક્કથન પૂરું કરીશ, જેમાં છે : આ કૃતિને આવું સુંદર કલાત્મક રૂપ આપનાર સાધક મિત્ર બંધુદ્વય શ્રી રતિભાઈ લાલભાઈ, શ્રી ચીમનભાઈ લાલભાઈ, ગ્રાફિક પ્રૉસેસ સ્ટુડિયોના તેમના સહયોગીઓ, મુદ્રક બંધુ શ્રી ઉર્મિશભાઈ, આ આલેખની સુંદર અક્ષરોમાં હસ્તપ્રત તૈયાર કરી આપનાર આશ્રમ-સાધિકા શ્રીમતી રમાબહેન ઝવેરી, આ પ્રકાશનમાં ગુપ્તનામ વિદેશના એક ધર્મબંધુ મિત્ર અને અન્ય અનેક નામી-અનામી, પ્રત્યક્ષ સહયોગીઓ. અંતે, પરમગુરુઓ પ્રત્યે પ્રાર્થના કરીને વિરમીશ કે આ નાની શી 'સાધનાયાત્રા' અનેકોની બાહ્ય કે આંતરિક વિશદ સાધનાયાત્રાનું નિમિત્ત બનો !

**પ્રા. પ્રતાપકુમાર ટોલિયા**

૧૨, કૅમ્બ્રિજ રોડ, અલ્સૂર,
બેંગલોર-૫૬૦૦૦૮
૨૧ મે, ૧૯૯૩.

# ખંડેરોમાં આ અનોખો આશ્રમ :
# – જ્યાં અલખ જગાવ્યો એક અવધૂતે !

ઉન્મુક્ત આકાશ, પ્રસન્ન પ્રશાંત પ્રકૃતિ, હરિયાળાં ખેતરો, પથરાળ ટેકરીઓ, ચોતરફ વિખરાયેલાં ભગ્ન ખંડેરો અને નીચે વહી રહેલી તીર્થ-સલિલા તુંગભદ્રા - આ બધાંની વચ્ચે 'રત્નકૂટ'ની પર્વતિકા પર ગિરિ કંદરાઓમાં છવાઈ ફેલાઈને ઊભો છે આ એકાંત આત્મસાધનનો આશ્રમ, જંગલમાં મંગલવત્ !

ભગવાન મુનિસુવ્રતસ્વામી અને ભગવાન રામના વિચરણની ને વાલી-સુગ્રીવ-હનુમાનજી તેમજ અનેક વિદ્યાધરોની આ રામાયણકાલીન 'કિષ્કિન્ધાનગરી' અને કૃષ્ણદેવરાયના વિજયનગર સામ્રાજ્યની જિનાલયો- શિવાલયો-રામમંદિરો અને રાજપ્રાસાદોવાળી આ સમૃદ્ધ રત્નનગરી કાળક્રમે કોઈ સમયે ખંડેરોની નગરી બનીને પતનોન્મુખ બની ગઈ...! પરિણામસ્વરૂપે, તેની મધ્યમાં વસેલી રત્નકૂટ પર્વતિકાની પ્રાચીન આત્મજ્ઞાનીઓની આ સાધનાભૂમિ અને મધ્યયુગીન વીરોની આ રણભૂમિ આ પતનકાળ દરમ્યાન હિંસક પશુઓ, વ્યંતરો, ચોર-લુંટારાઓ અને પશુબલિ ચઢાવનારા દુરાચારી હિંસક તાંત્રિકોનાં કુકર્મોનો અડ્ડો બની ગઈ અને એણે રુદ્ર-ભૂમિનું રૂપ ધારણ કર્યું....

પરંતુ એક દિવસ સુદૂર હિમાલય ભણીથી આ ધરતીની અંદરની પુકાર સાંભળીને, તેની સાથેનો પોતાનો પૂર્વસંબંધ જાણીને, તેને 'રૌદ્ર'માંથી પુનઃ 'સૌમ્ય'રૂપ આપવા આવ્યો એક અવધૂત આત્મયોગી. અનેક કષ્ટો, કસોટીઓ, અગ્નિપરીક્ષાઓ, ઉપસર્ગ-પરિષહો અને પારાવાર પ્રતિકૂળતાઓ વચ્ચેથી તેણે અહીં આત્માર્થનો અલખ જગાવ્યો, બેઠો એ પોતાની અલખ-મસ્તીમાં, ભગાવ્યા તેણે ભૂત-વ્યંતરોને, ચોર-લુંટારાઓને, હિંસક દુરાચારીઓને અને આ પાવન ધરતી ફરીને મહેકી ઊઠી....

અને પછી.....પછી અહીં લહેરાઈ ઊઠયો આત્માર્થના ધામ, સાધકોના સાધનાસ્થાન અને કવિ-કલાકારોની કલ્પનાભૂમિ-શો આ આશ્રમ! ભવ્ય તેનો ઇતિહાસ છે, વિસ્તૃત તેના મહાયોગીનું જીવનવૃત્તાંત છે, જે આજે અનેકરૂપે શબ્દાંકિત, સ્વરાંકિત અને ધ્વન્યાંકિત થઈ રહેલ છે.

પરંતુ આ અલખયોગી તો અસમયે જ એક દિવસ ચાલી નીકળ્યાં, ૨ જી નવેમ્બર ૧૯૭૦ કારતક શુકલા બીજને દિને મહાજાગૃત પૂર્વસૂચિત, આત્મસમાધિપૂર્વક, પોતાની ચિરયાત્રાએ, ચિરકાળને માટે-અનેકોને રોતાં-તડપતાં છોડીને અને અનેકોના આત્મદીપ પ્રજવાળીને ! આ અલખ અવધૂત યોગીને સદેહે નહીં, વિદેહે જ મળી-ઓળખીને અવધૂત સંત-કવિ શ્રી મકરંદ દવેએ તેમના આ આશ્રમ માટે ઠીક જ લખ્યું છે કે, "ભારતમાં આજે અધ્યાત્મનો, સાચા અધ્યાત્મનો દુષ્કાળ દેખાય છે ત્યારે હંપીના ખંડ રોમાં મને નવો પ્રકાશ દેખાઈ રહ્યો છે."

॥ ૐ નમઃ ॥

## જય જય તીર્થક્ષેત્ર હંપી

તીર્થંકર પ્રભુ મુનિસુવ્રતથી, ધન્ય થયેલ આ ધરતી,
'સદ્‌ભકત્યા'ના સ્તોત્ર મહીં છે, ગાથા મંગલ કરતી,
જય જય તીર્થક્ષેત્ર હંપી....
જ્યાં પદ ધરવા દેવ-મુનિગણ, સદા રહેતાં ઝંખી,
જ્યાં ધૂન રટતાં, કલરવ કરતાં, ભકતમેળાનાં પંખી !
જય જય તીર્થક્ષેત્ર હંપી...
આત્મશુદ્ધિ ને આત્મસિદ્ધિની, લાગી જેને લગની,
એવા સાધક જાગૃત નરને, રહી સદાય નિમંત્રી,
જય જય તીર્થક્ષેત્ર હંપી.....
સાધક-સાથી, સંત-સાધ્વી, ધૂન મચાવે સંપી,
"સહજાત્મ સ્વરૂપ" શ્રી પરમગુરુના નામમંત્રમાં જંપી,
જય જય તીર્થક્ષેત્ર હંપી...
નીચે તીર્થસલિલા વહેતી, તુંગભદ્રા સંસરતી
"જ્ઞાન, યોગ ને ભકિત" ત્રિવેણી, ઉપર રહી છે વહેતી,
જય જય તીર્થક્ષેત્ર હંપી......
સદ્‌ગુરુ ઉપકારી સહજાનંદઘનની
ભરી સદા જ્યાં મસ્તી,
જય જય તીર્થક્ષેત્ર હંપી.......

"દિવ્યદર્શી"

# દક્ષિણાપથની સાધના-યાત્રા :

**★ પ્રથમ દર્શન ★**

(દક્ષિણના પ્રાચીન ઐતિહાસિક તીર્થ રત્નકૂટ-હંપી-વિજયનગર પર આકાર લઈ રહેલ એક આગવા સાધનાધામ અને નૂતન તીર્થધામ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ)

મૈસૂર પ્રદેશઃ બેલ્લારી જીલ્લોઃ ગુંટકલ-હુબળી લાઈન પરના 'હોસ્પેટ' રેલ્વે સ્ટેશનથી બસ રસ્તે સાત માઈલ દૂર આવેલું પ્રાચીન તીર્થધામ હંપી....

અહીં કેળ, શેરડી અને નાળિયેરીથી છવાયેલી હરિયાળી ધરતીની વચ્ચે વચ્ચે ઊભી છે-અસંખ્ય શિલાઓ અને નાનીમોટી પથરાળ ટેકરીઓ, સાથે જ દૂર દૂર સુધી માઈલો ને માઈલોના વિસ્તારમાં પથરાયેલાં પડયાં છે-જિનાલયો, શિવાલયો, વૈષ્ણવ મંદિરો અને વિજયનગર-સામ્રાજ્યના મહાલયોના ખંડેરો ને ધ્વંસાવશેષો. ઉત્તરી ભાગમાં વહી રહી છે-સ્થિતપ્રજ્ઞ શી તીર્થસલિલા તુંગભદ્રાઃ સતત, અવિરત, બારેય માસ !

વીસમા જૈન તીર્થંકર મુનિસુવ્રતસ્વામીના સમયથી આ સ્થળનો પાવન-સ્પર્શ અનેક મહત્પુરુષો અને સાધકજનોએ કર્યો છે. દીર્ઘકાળ વીતવા છતાં તેમની સાધનાનાં આંદોલનો અને અણુ-પરમાણુઓ આ ધરતીના અને વાયુમંડળના કણ-કણ અને સ્થળ-સ્થળમાં વિદ્યમાન જણાય છે. મુનિસુવ્રત ભગવાનના શાસનમાં અનેક વિદ્યાધરો સંમિલિત હતાં. તેમાંના વિદ્યાસિદ્ધ રાજાઓ પૈકી હતા-રામાયણ પ્રસિદ્ધ વાલી, સુગ્રીવ આદિ. આ 'વિદ્યાધર ભૂમિ' જ તેમની રાજધાની. એ 'વાનરદ્વીપ' અથવા 'કિષ્કિન્ધાનગરી'ના નામે ઓળખાઈ છે. અહીંના અનેક પાષાણ-અવશેષો એની સાક્ષી પૂરે છે. ત્યારબાદ લાંબો એવો કાલખંડ વીત્યા પછી સર્જાયા-વિજયનગરના વિશાળ, સુપ્રસિદ્ધ સામ્રાજ્યના મહાલયો ને દેવાલયો,સન ૧૩૩૬માં આરંભાયેલા અને ૧૭મી સદી સુધી અસ્તિત્વમાં રહી અંતે વિવિધ પ્રકારે ધ્વંસ પામેલા એ મહાલયો, અડીખમ ઊભેલા તેમના ખંડેરો દ્વારા, પોતાની જાહોજલાલીની સ્મૃતિ મૂકતા ગયા....

★

# ગુફાઓ-ગિરિકંદરાઓના સાદ

આ બધાની વચ્ચે છે-જિનાલયોના ખંડેરોવાળા 'હેમકૂટ' 'ભોટ' ને 'ચક્રકૂટ'ના 'સદભક્ત્યા સ્તોત્ર' ઉલ્લિખિત પ્રાચીન પહાડી જૈન તીર્થો. એનો ઇતિહાસ મુનિસુવ્રતસ્વામીના સમયથી માંડીને ઈસ્વીસનની સાતમી સદી સુધી અને કવચિત્ તે પછી પણ, જતો જણાય છે. ઉકત 'હેમકૂટ'ની પૂર્વે અને ઉત્તુંગ ઊભેલા 'માતંગ' પર્વતની પશ્ચિમે છે-ગિરિકંદરાઓ, ગુફાઓ, જલકુંડો, શિલાઓ અને ખેતરોથી પથરાયેલી જાણે કોઈ પરી-કથાની સાકાર સ્વપ્ન-સૃષ્ટિ સમો, 'રત્નકૂટ' શિખરનો વિસ્તાર !

અનેક સાધકોની વિદ્યા, વિરાગ ને વીતરાગની વિવિધ સાધનાઓની સાક્ષી પૂરતી અને મહત્ પુરુષોના પાવન સંચરણની પુનિત કથા કહેતી આ 'રત્નકૂટ'ની ગુફાઓ, ગિરિકંદરાઓ અને શિલાઓ જાણે ઘેરા સાદ આપીને 'શાશ્વતની શોધ'માં નીકળેલા સાધના-યાત્રીઓને બોલાવતી રહેતી જણાય છે. પોતાની ભીતરમાં સંઘરી રાખેલા અનુભવીઓના જુગજૂના ને છતાંય ચિર-નવા એવા જીવન-સંદેશને આજના માનવ સુધી પહોંચાડવા ઉત્સુક ઊભી દેખાય છે....! એના અણુ રેણુમાંથી ઊઠતા પરમાણુઓ આ સંદેશને ધ્વનિત કરે છે. પૂર્વે અનેક સાધકોની સાધના-ભૂમિ બન્યા બાદ આ સંદેશ દ્વારા નૂતન સાધકોની પ્રતીક્ષા કરતી ઠીક ઠીક સમય સુધી નિર્જન રહેલી અને છેલ્લે છેલ્લે દુર્જનવાસ પણ બની ગયેલી આ ગુફાઓ-ગિરિકંદરાઓના સાદને અંતે એક અવધૂતે સાંભળ્યા....

"અંતરની સરિતાને તીરે ગુંજ્યા ગુફાના સાદ....
આપણો સંગ છે સદીઓ પુરાણો, રહ્યાં અપાવી યાદ...."

વીસેક વર્ષની ભરયુવાવસ્થાએ સર્વસંગપરિત્યાગ કરી (જૈન) મુનિ-દીક્ષા ગ્રહણ કરેલા, બારેક વર્ષ સુધી એ ગુરુકુલ વાસે વસીને જ્ઞાન-દર્શન ચારિત્ર-સાધનોના ક્રમ નિર્વહેલા અને તે પછી એકાન્તવાસી-ગુફાવાસી બનેલા એ અવધૂત અનેક પ્રદેશોના વનોપવનોમાં વિચરતા અને ગુફાઓમાં વસતા-અનેકધર્મી ત્યાગી-તપસ્વીઓનો સત્સંગ કરતા કરતા-વિવિધ સ્થળોએ સાધના કરી રહ્યા હતા. તેમની સાધનાના આ ઉપક્રમમાં, અનેક અનુભવો પછી તેમણે પોતાના ઉપાસ્ય-પદે નિષ્કારણ કરુણાશીલ એવા વીતરાગપથ-પ્રદર્શક **શ્રીમદ્ રાજચંદ્રજીને** સ્થાપ્યાં. મૂળ કચ્છના,

પૂર્વાશ્રમમાં 'મૂળજીભાઈ'ના નામે અને શ્વેતાંબર જૈન સાધુ તરીકેના દીક્ષા-પર્યાયમાં 'ભદ્રમુનિ'ના નામે ઓળખાયેલા અને એકાંતવાસ ને દિગમ્બર જૈન ક્ષુલ્લકત્વના સ્વીકાર પછી 'સહજાનંદઘન'ના નામે ઓળખાઈ રહેલા આ અવધૂત, પોતાના પૂર્વ સંસ્કારે દૂર દૂરથી આવતા આ ગુફાઓના સાદને પોતાની સ્મૃતિની અનુભૂતિ સાથે જોડીને પોતાના પૂર્વ-પરિચિત એવા આ સ્થાનને શોધતાં શોધતાં અંતે અહીં અલખ જગાવવા આવી ચઢયા....

આ ધરતી, આ શિલાઓ, આ ગિરિકંદરાઓ જાણે તેમને સાદ કરતી તેમની પ્રતીક્ષામાં જ ઊભી હતી...રત્નકૂટની ગુફાઓમાં પ્રથમ પગ મૂકતાં જ તેમને એ સાદ સ્પષ્ટ સંભળાયો. પૂર્વ-સ્મૃતિઓએ તેની સાક્ષી પૂરી, અંતરનાં ઊંડાણેથી અવાજ આવ્યો :

"જેને તું ઇચ્છી રહ્યો હતો તે જ આ તારી પૂર્વ-પરિચિત સિદ્ધભૂમિ !"

## અવધૂતનો અલખ જાગ્યો અને સાકાર થયો ગિરિકંદરાઓમાં આશ્રમ !

અને તેમણે અહીં અલખ જગાવ્યો....એકાંત, અવાવરુ, નિર્જન અને ભયાવહ દેખાતી ગુફાઓમાં એકાકી વાસ શરૂ કર્યો. નિર્ભયપણે ને અડોલ આસને તેમની અધૂરી સાધના ત્યાં આગળ ચાલી. એ સાધનાના કેન્દ્રસ્થાને રહેલાં શ્રીમદ્ રાજચંદ્રજીનો મુખ્યત્વે દક્ષિણ ભારતના અનેક સાધકજનોને લાભ મળે એ ઉદ્દેશથી કાળક્રમે ત્યાં એ ગિરિકંદરાઓમાં , સાકાર થયો ગુજરાતના સંસ્કારવારસાસમ આ 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ'-આજથી થોડાં વર્ષ પહેલાં, વિ.સં. ૨૦૧૭માં, જાતિ-વેશ-ભાષા-ધર્મ-દેશ વગેરેના કોઈ પણ બાધ વગર, 'આત્મતત્ત્વ'ની સાધનાના સઘળાં અભિપ્સુઓ માટે !

'રત્નકૂટ' પરની પ્રાચીન સાધનાભૂમિની વિવિધ ગુફાઓ, ગિરિકંદરાઓ અને શિલાઓ વચ્ચે આ આશ્રમ દિન-બ-દિન વિસ્તરી રહ્યો....સાધકો, સર્વધર્મીજનો, આ સાધના પ્રત્યે ખેંચાઈને દૂર દૂરથી પણ આવવાં લાગ્યાં...."શ્રીમદ્ રાજચંદ્રજીના આત્મદર્શનની તાલાવેલી અને પરમપદની પ્રાપ્તિ માટેના અણીશુદ્ધ સાધનામય જીવન અને કવન"થી દક્ષિણના અપરિચિત સાધકો પ્રભાવિત થવા લાગ્યા...એમના જીવન-દર્શન અને પ્રરૂપણ મુજબ સાધના કરી - કરાવી રહેલા આ અવધૂત શ્રી સહજાનંદઘનજી-ભદ્રમુનિજીને નિકટના અન્ય ધર્મના ધર્માચાર્યો અને

રાજપુરુષોએ પણ બિરદાવ્યા એ આ સમન્વયી સ્યાદ્વાદ શૈલીની સાધનાની અવશ્ય એક સિદ્ધિ છે. આનું પ્રત્યક્ષ પ્રમાણ છે રામાનુજ સંપ્રદાયના આચાર્યશ્રી તોળપ્પચાર્ય અને મૈસૂરના ગૃહપ્રધાન શ્રી પાટિલ દ્વારા થયેલું 'રત્નકૂટ' પરની બધી જમીનનું આ આશ્રમને વિના મૂલ્ય પ્રદાન !.... ૩૦ એકરના વિસ્તારની એ ઊંચી-નીચી પર્વતાળ આશ્રમભૂમિ પર આજે દસેક ગુફાઓ, સામાન્ય તેમજ વ્યકિતગત નિવાસસ્થાનો, ગુફામાંનું ચૈત્યાલય, ગુરુમંદિર, ભોજનાલય અને નાની-શી ગૌશાળા વગેરે વિસ્તરેલાં છે. વિશેષમાં કેટલીક ઉપત્યકાઓ, નિવાસખંડો, એક દર્શન વિદ્યાપીઠ, સભામંડપ, શ્રીમદ્ રાજચંદ્રજીનું ધ્યાનાલય અને એક જિનાલય - આટલું ત્યાં નિર્માણ હેઠળ છે. આશ્રમમાં એકાકી અને સામૂહિક બન્ને પ્રકારે સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રની અથવા બીજા શબ્દોમાં દૃષ્ટિ, વિચાર અને આચાર-શુદ્ધિની કે ભકિત, જ્ઞાન અને યોગની સાધના ચાલે છે. ઉપર જણાવ્યા અનુસાર તેના દ્વાર કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર સૌ સાધકો માટે ખુલ્લાં છે. હા, એ માટે એક સાધકીય નિયમાવલી છે ખરી જેમાં શ્રીમદ્ રાજચંદ્રજીના સમગ્ર જીવનદર્શનનું - વિચાર અને આચારનું પ્રતિબિંબ પડે છે, એનો પ્રથમ નિયમ ખરેખર ધ્યાન ખેંચે તેવો છે :

"મત પંથના આગ્રહોનો પરિત્યાગ અને પંદર ભેદે સિદ્ધના સિદ્ધાંતાનુસાર ધર્મ-સમન્વય".

આ નિયમ શ્રીમદ્‌ના પેલા સુવિચારની સ્મૃતિ આપે છે :-

"તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી....માત્ર કહેવાનું તાત્પર્ય એ કે જે રાહથી સંસારમળ નાશ પામે તે ભકિત, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે....!"

આ સદાચારનો સમાવેશ પણ સાધકીય નિયમાવલીના અન્ય નિષેધોમાં થઈ જાય છે, યથાઃ સાત વ્યસન, રાત્રિ ભોજન, કંદમૂળ આદિ અભક્ષ્ય ભોજન વગેરેનો આત્મભાન ને વીતરાગતાયુક્ત ત્યાગ.

અહીં સાધના વ્યકિતગત કે સામુદાયિકપણે કરવાનું સ્વાતંત્ર્ય હોય છે-જેમાં સ્વાધ્યાય, પોતપોતાની રીતિએ સામાયિક-પ્રતિક્રમણાદિ ધર્માનુષ્ઠાન, ધ્યાન, ભકિત, મંત્રધૂન, પ્રાર્થના, ભજન ઇત્યાદિ ભૂમિકાભેદે સધાય છે. વિશેષ દિવસોના સાપ્તાહિક, પાક્ષિક કે માસિક કાર્યક્રમો સિવાય રોજ નિયમિત સત્સંગ-સ્વાધ્યાય-પ્રવચન બે વખત અને સવાર-સાંજ ભકિતક્રમ

આટલું સામુદાયિક સ્વરૂપે ચાલે છે, જે પણ ફરજિયાત નથી, છતાં કોઈ પણ એનો આનંદ, એનો લાભ જતો કરવા ઇચ્છતું નથી.

આમ સમન્વય દષ્ટિ ને સ્વાતંત્ર્યપૂર્વક આશ્રમમાં સ્વાધ્યાય, સત્સંગ, ભકિત, ધ્યાનની આત્મલક્ષી સાધના ચાલે છે. જે સૌના શ્રેયને સ્પર્શવા સામુદાયિક સ્વરૂપે ચાલે છે ત્યારે સમાજલક્ષી પણ બની રહી છે અને સત્ ને શુદ્ધિનાં આંદોલન સમાજના દૂષિત વાયુમંડળમાં વહેતાં મૂકે છે.

આ છે થોડી-શી ઝાંખી - આ આશ્રમની સાધનાભૂમિ ને સાધનાની.

## દટાયેલો ઈતિહાસ

પ્રાચીન 'કિષ્કિન્ધા' નગરી અને વિજયનગરના પ્રાસાદોના ભવ્ય ઈતિહાસની જેમ સાધકોને સુરમ્ય લાગતી ને ભીરુઓને ભેંકાર ભાસતી આ ગિરિકંદરાઓ અને ગુફાઓનો યે અદ્ભુત ઇતિહાસ છે, જે કાળના ગર્ભમાં દટાયેલો પડયો છે. અનેક નિર્ગ્રંથોએ અહીં ધ્યાન ધરી સ્વરૂપસ્થ થઈ "ગ્રંથીભેદ" કર્યાં છે. અનેક જોગીઓએ અહીં જોગ સાધ્યા છે. અનેક જ્ઞાનીઓએ અહીં વિશ્વચિંતન ને આત્મચિંતનના વિશ્લેષણપૂર્વક સ્વપરના ભેદ ઉકેલ્યા છે, અનેક ભકતોએ અહીં પરા-ભકિતના અભેદ અનુભવ્યા છે ને વિવિધ ભૂમિકાના અનેક સાધકોએ અહીં સ્વરૂપસંધાન કર્યાં છે. આ બધાનો જ ઇતિહાસ પુસ્તકોનાં પાનાઓ પર નથી. અહીંના વાતાવરણમાં એ દટાયેલો પડયો છે અને ગુફાઓ-ગિરિકંદરાઓમાંથી ઊઠતાં આંદોલનોના સૂક્ષ્મ ઘોષ-પ્રતિઘોષોમાંથી સંભળાઈ રહ્યો છે, કોઈ નીરવ ગુફામાં પેસતાં જ એના ધ્વનિ જાણે સંભળાવા લાગે છે....ક્રમે ક્રમે સ્થૂળમાંથી સૂક્ષ્મમાં ને શૂન્ય નિર્વિકલ્પતામાં એ લઈ જાય છે...

અનેક મહાપુરુષોની પૂર્વ સાધનાની ભૂમિનો આ ઇતિહાસ ભારે પ્રેરક ને શાંતિ-સમાધિ-પ્રદાયક છે.

અહીં આવી પ્રથમ ગુફાઓમાં વસેલા આ અવધૂત સંશોધકને પૂર્વ સાધકોના એ ધ્વનિ-પ્રતિધ્વનિઓ અને આંદોલનો પકડતાં પહેલાં બીજી પણ કસોટીઓમાંથી પસાર થવું પડેલું. દીર્ઘકાળ સુધી સાધકોના સાધનાસ્થાન રહ્યા પછી અહીંની કેટલીક ગિરિકંદરાઓ હિંસક પશુઓ, ભટકતા અશાંત પ્રેતાત્માઓ, દારૂડિયા ને ચોર-લુંટારાઓ, મેલી વિદ્યાના ઉપાસકો અને

હિંસક તાંત્રિકોના અડ્ડા પણ બની ચૂકી હતી. એ બધાનો થોડો ઇતિહાસ છે. આ ભૂમિના શુદ્ધીકરણના ક્રમમાં બનેલા એમાંના એક-બે પ્રસંગોનો ઉલ્લેખ અહીં પ્રાસંગિક થશે.

## –જ્યારે હિંસાને હારવું પડયું... !

આશ્રમની સ્થાપના પૂર્વે શ્રી ભદ્રમુનિ આ ગુફાઓમાં આવીને રહ્યા તે પછી તેમને જાણ થઈ કે અહીં કેટલાંક હિંસક તાંત્રિકો ભારે ક્રૂરપણે પશુબલિ કરી રહ્યાં છે. બીજી બાજુથી એ હિંસક લોકોને પણ અહીં ગુફાઓમાં આવીને વસેલા આ અજાણ અહિંસક અવધૂતથી ભય ઊભો થયો અને પોતાના કાર્યમાં એ વિક્ષેપ પાડશે માની એનું કાસળ કાઢવાનું નક્કી કર્યું.

ભદ્રમુનિજી તો એ બધા જ્યારે પશુબલિ કરી રહ્યાં હતાં ત્યારે જ તેમને સંમજાવવા અને પ્રેમથી વારવા તેમના ભણી જઈ રહ્યા. તેમને ટેકરી પરથી આવી રહેલા જોઈને એ તાંત્રિકો તેમને તત્ક્ષણે જ મારી નાંખવાના વિચારે તેમના તરફ આગળ ધસ્યા - બલિ માટેના એના એ હથિયારો લઈને તેમને સૌને આવતા મુનિજીએ જોયા,પણ લગીરે ભય રાખ્યા વિના અહિંસા અને પ્રેમની શકિત પર વિશ્ર્વાસ રાખી આ આત્મસ્થ અવધૂત દૃઢ પગલે તેમની સામે આવી રહ્યાં....થોડી જ ક્ષણોની વાર હતી...શસ્ત્રબદ્ધ તાંત્રિકો તેમની સામે ધસ્યા....અહિંસક અવધૂતનો આદેશસૂચક હાથ ઊંચો થયો, અનિમિષ આંખો તેમની સામે મંડાઈ અને....અને....તેમાંથી અહિંસા અને પ્રેમનાં જે આંદોલનો નીકળ્યાં એણે પેલા તાંત્રિકોને ત્યાં ને ત્યાં થંભાવી દીધા, તેમના હાથમાંથી શસ્ત્રો નીચે પડી ગયાં અને તેઓ ત્યાંથી નાસી છૂટયા....સદાને માટે ! અહિંસા સામે હિંસા હારી, નિર્દોષ પશુઓને સદાને માટે એ સ્થાને અભયદાન મળ્યું. હિંસા સદાને માટે બંધ થઈ, નિર્દોષોના શોણિતથી ઠીક ઠીક કાળ સુધી ખરડાયા પછી એ પાવન ધરતી પુનઃ શુદ્ધ થઈ.....

## –હિંસાનાં સ્થાનોમાં અહિંસાની પ્રતિષ્ઠા... !

હિંસાની વિદારણા કરવાની સાથે સાથે એ અવધૂત તો અહિંસા અને પ્રેમથી પેલા હિંસક તાંત્રિકોને પણ પીગાળવા, બદલવા ગયા હતા પરંતુ તે થંભ્યા નહીં.....

તેમને આમ ભાગી ગયા જાણીને આ ઘટનામાં હિંસા પર સાચી શુદ્ધ અહિંસાનો વિજય જોવાને બદલે કોઈ "ચમત્કાર" જોઈને પેલા મેલી વિદ્યાના ઉપાસકો, ચોર-લુંટારાઓ અને દારૂડિયાઓ પણ આ સ્થાનો છોડી ચાલ્યાં ગયાં. આખરે આ "લાતોના ભૂત વાતોથી શે માને ?" કયાંક "ચમત્કાર" શોધ્યા વિના એમને જંપ નહીં, ત્યાં જ એ "નમસ્કાર" કરે !

કોઈ કોઈ સાધકોને અવાવરુ ગુફાઓમાં અશાંત ભટકતા પ્રેતાત્માઓનો અનુભવ થતાં શ્રી ભદ્રમુનિજીએ એ ગુફાઓમાં જઈને એ આત્માઓને પણ શાંત કરીને તેમના અસ્તિત્વ અને આંદોલનોથી ગુફાઓને મુકત અને શુદ્ધ કરી.

હવે રહ્યાં હતાં હિંસક પ્રાણીઓ, શ્રીમદ્ રાજચંદ્રજીના જ અનુભૂત અને 'અપૂર્વ અવસર'માં વર્ણિત એવા આ 'પરમ મિત્રો'નો પરિચય ભદ્રમુનિજી આ ધરતી પર આવ્યા એ અગાઉ અન્ય વનો-ગુફાઓમાં કરી ચૂકયા હતા. શ્રીમદ્‌ની ભાવના સતત તેમની સમીપે હતી :

**"એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો, અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો ! અપૂર્વ અવસર એવો કયારે આવશે ?"**

વીસેક વર્ષ અગાઉ અહીં સરકસમાંથી છૂટી ગયેલો કેશરી સિંહ કવચિત્ દેખાતો. ધોળે દિવસે વાઘના દર્શન થતા, જ્યારે ચિત્તાઓ તો કૂતરાની માફક ટોળે ફરતા દેખાતા હતા ! એમ અહીં હિંસક પ્રાણીઓ અવશ્ય હતા. જે નીરવ, નિર્જન ગુફામાં સાધના કરવાનો આ એકાકી અવધૂતને ઉલ્લાસ ઉદ્‌ભવી રહ્યો હતો તેમાં પણ એક ચિત્તાનો વાસ હતો, પણ તેમણે નિર્ભયપણે ચિત્તાને મિત્ર માની ત્યાં જ નિવાસ કર્યો અને "अहिंसा प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः" એ પાતંજલ યોગસૂત્રના ન્યાયે અહિંસક યોગીની સમીપે આ હિંસક મિત્ર વેર ત્યાગ કરીને રહ્યો અને પછી અન્યત્ર ચાલ્યો ગયો. ત્યારથી માંડીને આશ્રમ સર્જાયો ત્યાં સુધી અને તે પછી આજ સુધી એ ગુફા જ વર્તમાન ગુફામંદિરની 'અંતર્ગુફા' તરીકે અવધૂત શ્રી ભદ્રમુનિનું એકાંત સાધના સ્થાન રહેલ છે. એ જ ગુફામાં ૧૬ ફૂટનો "મણિધર" નાગ રહેતો હતો. રાત્રે અનેક વ્યકિતઓએ એને જોયો છે. જે છેલ્લાં થોડાં વર્ષથી અદશ્ય થયો સાંભળ્યો છે.

આમ તેમણે આ પ્રાચીન સાધનાભૂમિમાં અહિંસાની પુનઃ પ્રતિષ્ઠા કરીને હિંસક મનુષ્યો, પશુઓ અને પ્રેતાત્માઓથી એને મુકત, શુદ્ધ અને નિર્ભય

કરીને અનેક સાધકો સારુ સાધનાયોગ્ય બનાવી. આજે ત્યાં જુદી જુદી ગુફાઓ અને એકાકી ઉપત્યકાવાસોમાં થોડા સાધકો નિર્ભયપણે એકાકી સાધના કરી રહ્યાં છે. ચાલો, તેમાંના થોડાકનો પરિચય કરીએ.

## - મેં જોયા એ સાધકોને -

અહીં વિભિન્ન પ્રાંતોના કેટલાક સાધકો કાયમી રહે છે અને હજારો પ્રતિવર્ષ યથાવકાશે લાભ લેવા આવજા કરે છે. પર્યટકો તો પ્રતિવર્ષ લાખોની સંખ્યામાં આશ્રમની મુલાકાત લેતા રહે છે. સ્થાયી સાધકો પૈકી ત્રણેક વ્યક્તિઓની મારા પર જે છાપ પડી તેનું સ્વલ્પ વર્ણન કરું છું.

**ખેંગારબાપા:-** એંશી વર્ષનું અડીખમ 'કોઠી' જેવું શરીર, ગોળ-મટોળ ને તગતગતા તોલાવાળો ભવ્ય ચહેરો, મોટી મોટી આંખો, વસ્ત્રોમાં અર્ધી બાંયના ખમીસ અને ચડ્ડી ધારણ કરેલા આ છે ખેંગારબાપા. ચાલતા હોય ત્યારે લાગે ડોલતો-ડોલતો સ્થિર મક્કમ પગલે ચાલી રહેલો જાણે કોઈ ચાવી દીધેલો 'યંત્રમાનવ' અને પદ્માસન લગાવીને ધ્યાનમાં બેઠા હોય ત્યારે પહાડનો કોઈ એકલ, અડગ, પાષાણખંડ !

મૂળ કચ્છના, વસેલા મદ્રાસમાં. ઝવેરાતનો ધંધો ધીકતો ચાલે. હીરાને પારખતાં પારખતાં "માંહ્યલા હીરાને"-આતમરામને-પરખવાના કોડ જાગ્યા. ગુફાઓના સાદ સંભળાયા. સંસારપ્રવૃત્તિથી પરવારવાનો સમય તો કયારનો ય થઈ ગયો હતો, સદ્ ગુરુની શોધમાં ભારત ભ્રમણ કરીને રૂા. ૨૫ હજાર ખર્ચી ચૂકયા બાદ કોઈ ધન્ય પળે આ સૂઝી ગયું અને વધુ મોડું ન કરતાં અહીં આવીને પદ્માસન લગાડીને બેઠા.....એક એક કરતાં સાત વર્ષ વીતી ગયાં, પણ તેઓ ખસ્યા નથી. દેહ અહીં જ પાડવા અને સમાધિમરણ પામવા ઇચ્છે છે.

ખેંગારબાપાએ સાધનામાં ઠીક ઠીક પ્રગતિ કરી છે તેમ તેમનાં લક્ષણો કહે છે. પરોપકારની ભાવનાથી ભરેલું તેમનું ભોળું દિલ છે. ખપ પૂરતી જ વાતો કરે. બાકી મૌન રહે. અન્યની વાતો ચાલતી હોય ત્યારે એ સાંભળવી હોય તો જ સાંભળે. ન સાંભળવી હોય તો સૌની વચ્ચે બેઠા બેઠા પણ સજગ આંતર-ધ્યાનમાં ડૂબી જાય ને તેમનો તાર માંહ્યલા આતમરામ સાથે જોડાઈ જાય ! બહારના વ્યવહારોમાં જાણે સૌની સાથે સાક્ષી પુરાવતા લાગે, પણ અંદરથી તો પોતાનામાં જ એકરૂપ થઈ ગયેલાં હોય. વધુ સમય પોતાની એકાંત

ઉપત્યકામાં ગાળે છે-એકાકીપણે. 'નિજભાવમાં વહેતી વૃત્તિ'વાળી ઉચ્ચ સાધનાની પ્રતીતિરૂપે તેમને દિવ્ય વાજિંત્રોના અનાહત નાદ ને ઘંટારવ સતત સંભળાતા રહે છે. આશ્રમમાં ધ્યાન અને ભકિતનો સામુદાયિક કાર્યક્રમ ચાલતો હોય ત્યારે પદ્માસન લગાવીને એક બાજુ સ્થંભની જેમ દઢ પણે બેઠેલાં અને નિજાનંદની મસ્તીમાં ડોલી રહેલા ખેંગારબાપાને નિહાળવા એ પણ એક અનુમોદના કરવાયોગ્ય લ્હાવો છે. ભારે આહ્લાદ દેનારું એ દશ્ય હોય છે. મને તો એમના દર્શને ખૂબ પ્રમુદિત કર્યો !!

હા, રાત્રિના અંધકારમાં ખેંગારબાપા જો એકલા મળે તો તેમનાથી અપરિચિત જોનારા ડરી જાય ખરા !!!

**અજબ સાધક આત્મારામ :-** બીજા સાધક છે 'આત્મારામ'. શરીરે હૃષ્ટપુષ્ટ અને રંગે શ્વેત-શ્યામ ! ના, એ કોઈ માનવ નથી, શ્વાન છે. નિમકહલાલ છતાં આશા-ધારી ગણીને માણસ જેને પ્રાયે હડધૂત કરતો આવ્યો છે એવો એ કૂતરો છે ! કોઈને થાય કે, શું કૂતરો પણ સાધક હોઈ શકે ! તો કહેવું પડે કે, હા હોઈ શકે : આ કાળા-ધોળા, આંખોથી ઉદાસીન દેખાતા અને જગતથી બેપરવા જણાતા 'કૂતરા'ની ચેષ્ટાઓ જોઈને આ માનવું જ પડે. ભલે પછી તેના પૂર્વ-સંસ્કારોની વાત પૂર્વજન્મ વિશે સાશંક લોકો ન માને !...આખરે જાગેલા આત્માને દેહના ભેદ કયાં વચ્ચે આવે છે ? અને સર્વત્ર અભેદ જોનાર, દેહ-પડળોને ભેદીને આત્માને જ જોનાર, ઉપલા ચામડાને કયાં જુએ છે ? '**श्वाने च, श्वपाके च**' જેવા શબ્દો ટાંકીને 'ગીતા' જેવા ધર્મગ્રંથો, "આત્મદર્શી સર્વભૂતોને આત્મવત્ નિહાળે છે"- એવો સંકેત કરે જ છે! પરંતુ 'આત્મા'ને જ નહીં અનુભવનારા-નહીં માનનારા ને પોતાની પોતે જ શંકા કરનારા, શ્રીમદ્‌ના 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ના શબ્દોમાં કહીએ તો-

"આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ."

એ કથનાનુસાર પોતાના આત્માના અસ્તિત્વ વિષે પોતે જ શંકા સેવનારા શંકિત લોકો પૂર્વસંસ્કારની વાત વિષે શંકા કરે તેમાં આશ્ચર્ય થોડું જ છે ? ....પરંતુ તેમને ય વિચાર કરતા કરી મૂકે એવો જાણવા જેવો આ 'આત્મારામ'નો પૂર્વ ઈતિહાસ અને વર્તમાન વ્યવહાર છે.

'રત્નકૂટ'ની સામે નદીપાર જ એક ગામમાં તેનો જન્મ થયેલો. જન્મ સમયે કોઈ ધર્માચાર્યે કહેલું કે આ યોગભ્રષ્ટ થયેલો પૂર્વનો યોગી છે અને

અત્યારે શ્વાન-રૂપે જન્મતા પહેલાં તે ગતજન્મે 'રત્નકૂટ' પરની એક ગુફામાં સાધના કરતો હતો !

આ વાતની ખાત્રી કરવા કોઈ એ તાજા જન્મેલા નાના કુરકુરિયાને થોડા વર્ષ અગાઉ રત્નકૂટ પરના આ આશ્રમના ગુફામંદિર પાસે એકલું મૂકી ગયું. ભદ્રમુનિના સાધના-સ્થાન-શી અંદરની અંતર્ગુફામાં જ તેણે પણ ગત જન્મે સાધના કરેલી એનું (હજુ તો નજીકના જ ભૂતકાળનું) સ્મરણ તાજું થતાં રડવાને બદલે એ તો ખૂબ ગેલમાં આવી ગયું ને નાચી ઊઠયું ! લાખ કરો પણ ત્યાંથી ખસે જ નહીં !! આશ્રમમાં રહેલાં માતાજી તેને કરુણાવશ દૂધ પાવા લાગ્યાં, તો દૂધ પણ નાના બાળકને સુવરાવીને ચમચીથી પાવામાં આવે તેમ પાઈએ તો જ પીએ !!!

પછી તો માતાજીએ તેને પુત્રવત્ પાળી લીધું. થોડું મોટું થયા પછી આહાર પણ તે એકલા માતાજીના હાથે જ લે અને તે પણ દિગંબર ક્ષુલ્લક અવધૂત શ્રી ભદ્રમુનિજીની જેમ દિવસરાતમાં એક જ વખત, બપોરે! એક 'ભકત' યોગીનું જ જાણે લક્ષણ !! (તે પછી કયારેય કશું ખાય નહીં. આજે પણ તે તેમજ કરે છે.) આહાર લીધા પછી ગુફામંદિરમાં અંતર્ગુફા પાસે જ એ બેસી રહે.

તેને 'આત્મારામ'નું નામ શ્રી ભદ્રમુનિએ આપ્યું છે. એ નામે બોલાવતાં તે દોડયો આવે છે, પણ પછી બધાંની સાથે બહુ ભળતો નથી. સૌની વચ્ચે હોવા છતાં એ અસંગ જેવો રહે છે અને તેની અપલક, ઉદાસ આંખો ગુફાની બહારના સામેના પહાડોની પેલે પાર દૂર દિગન્તે મંડાયેલી રહે છે. એને જોતાં જ જોનારને પ્રશ્ન થાય કે એ કયા મહાધ્યાનમાં કઈ મસ્તીમાં લીન હશે ? .....ગુફામંદિરમાં જ્યારે સામુદાયિક ધ્યાન અને ભકિત વગેરે યોજાય છે ત્યારે આત્મારામ પણ ધ્યાનસ્થ થઈને ત્યાં બેસી જાય છે, કલાકો સુધી ત્યાંથી ઊઠતો નથી !

તેનાં આવાં બધાં લક્ષણો પરથી સૌને પ્રતીતિ થઈ ગઈ છે કે એ પૂર્વનો, અહીં જ યોગ સાધેલો એવો ભ્રષ્ટ યોગી જ છે અને આમ અહીં જ પોતાનું નિર્ધારિત આયુષ્ય પૂરું કરી રહેલ છે.

આત્મારામની એક વિચિત્ર આદત છે. આદત નહીં, કોઈ ઉકેલવા જેવી શ્રૃંખલાપૂર્ણ સમસ્યા છે, કોઈ સંવેદનાપૂર્ણ પૂર્વસંસ્કારજન્ય ચેષ્ટા છે કે (આશ્રમ સર્વ ધર્મના સાધકો માટે અભેદભાવે ખુલ્લો હોવા છતાં) આશ્રમમાં જ્યારે કોઈ જન્મે અજૈન વ્યકિત કે સાધક આવે છે ત્યારે તેને ઓળખીને

અનેકની વચ્ચેથી પકડી લે છે અને તેનાં કપડાં પકડી રાખી ઊભો રહે છે ! જો કે તે ન તો તેને કરડે છે, ન કશી ઈજા કરે છે. પરંતુ જ્યાં સુધી કોઈ આશ્રમવાસી ન આવે ત્યાં સુધી તેને તે ખસવા દેતો નથી !" અનેકના સમૂહમાંથી જૈન-અજૈનને તે કેમ તારવી લે છે ?" એ સૌને મન રહસ્ય ને આશ્ચર્યનો વિષય બની રહે છે. આનું કારણ શોધતાં એમ જાણવા મળે છે કે પૂર્વ જન્મમાં તેની સાધનામાં અજૈનોએ કોઈ પ્રકારના વિક્ષેપો નાંખ્યા છે, અને તે અંગેના પ્રતિભાવના સંસ્કાર તેનામાં રહી ગયા છે તેથી આમ કરે છે. ગમે તેમ હો, તેની 'પરખીને તારવી લેવાની ચેષ્ટા' તેની સંસ્કારશકિતની અને તેની 'નહીં કરડવા કે ઈજા નહીં પહોંચાડવાની અહિંસા વૃત્તિ ને જાગૃતિ' તેની યોગી-દશાની પ્રતીતિ કરાવે છે.

આખરે જાગેલો આત્મા પ્રારબ્ધયોગના ઉદયે ગમે તે દેહ ધારીને આયુષ્ય પૂરું કરી રહેલ હોય, તેના જાગૃતિસૂચક સંસ્કારો જતાં નથી. એ જ તેની અધૂરી સાધના પણ નિરર્થક નથી ગઈ તેનું સૂચક છે અને સાધનામાં દેહ કરતાં અંતરની સ્થિતિ મહત્ત્વપૂર્ણ હોઈને આ કૂતરા ભગવાનનું 'આત્મારામ' નામ અને આ ભૂમિ પર તેનું સાધક તરીકેનું હોવું સાર્થક કરે છે.

## દેવોના યે વંદનીય માતાજી

ત્રીજા સાધકની ભૂમિકા વળી ભિન્ન જ છે. ભારે ઊંચી છે. ભકિતના અવસરે એનો પ્રત્યક્ષ પરિચય સૌ કોઈને થાય છે.

પૂર્ણિમાની રાત્રિ છે. દૂર દૂરથી આશ્રમે આવેલા યાત્રિકો અને સ્થાયી સાધકો-ભકતો સૌનો ગુફામંદિરમાં મેળો જામ્યો છે. સારું યે ગુફામંદિર એક બાજુ માતાઓ અને બીજી બાજુ પુરુષોથી ખીચોખીચ ભરાઈ ગયું છે. બે બાજુએ ચોકીદાર-શા અડીખમ બેઠા છે ખેંગારબાપા અને આત્મારામ. સહજાનંદઘનજી-ભદ્રમુનિ અંતર્ગુફામાં છે, પરંતુ સમૂહમાં ભકિતની મસ્તી જામતાં જ તેઓ પણ સૌની વચ્ચે આવીને સામેના ચૈત્યાલય અને શ્રીમદ્ રાજચંદ્રજીની પ્રતિમા પાસે બેસે છે ને દેહ-ભિન્નતા જન્માવતી-દેહભાન ભૂલાવતી-ભકિતમાં ભળે છે.

મંદમંદ, ધીરા વાદ્યસ્વરો સાથે ધીમે ધીમે ભકિત જામતી જાય છે. બાર-એક વાગતા સુધીમાં એ પરાકાષ્ઠાએ પહોંચે છે....ગુફામંદિરમાંથી સારાયે

સમૂહના એકી સ્વરે ઘોષ ઊઠે છે : "સહજાત્મ સ્વરૂપ, પરમગુરુ'. "દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન" કરાવનાર, આત્મા-પરમાત્માની એકતા સાધનારા આ ભક્તિઘોષના પ્રતિઘોષ આજુબાજુની કંદરાઓમાં ગુંજી ઊઠે છે અને ચોમેર રેલાયેલી ચાંદની ને છવાયેલી શાંતિની વચ્ચેની આ અદ્ભુત ગિરિસૃષ્ટિ દિવ્ય સૃષ્ટિમાં રૂપાંતર પામી રહે છે-સ્વર્ગથી યે સુંદર ને સમુન્નત ! આખરે સ્વર્ગની એ ભોગભૂમિમાં આ યોગભૂમિ જેવો પરમ વિશુદ્ધ આનંદ દુર્લભ છે, અને એટલે, સ્વર્ગ દેવતાઓ અહીં નજર માંડે છે....

એમને આકર્ષક આ 'રત્નકૂટ'ના ગુફામંદિરમાં એકત્ર મળેલાં સૌ સાધકો ભક્તિમાં દેહભાન ભૂલીને આત્મા-પરમાત્માની અખંડ એકતારતા અનુભવતા લીન બની ગયાં છે. એ સૌમાં યે સાવ નિરાળા છે-પવિત્ર ઓજસથી દીપતા, પરાભક્તિની મસ્તીમાં ડોલતા, આધેડ ઉંમરના ભલા-ભોળા 'માતાજી' !! તેમની ભક્તિની અખંડ મસ્તી એવી તો જામે છે કે તેમનું સ્નિગ્ધ અંતર-ગાન સાંભળવા અને નિજાનંદનું ડોલન નિહાળવા પેલા સ્વર્ગના દેવગણો પણ આખરે સાક્ષાત્ નીચે ઊતરી આવે છે !!!

ખૂબી તો એ છે કે માતાજીને તેની જાણ કે પરવા નથી ! દૃષ્ટિથી ગોચર સૌને નહીં થવા છતાં પોતાની ઉપસ્થિતિની તો આ દેવતાઓ સૌને પ્રતીતિ કરાવે છે. માતાજીની ભક્તિથી આનંદ પામતા, ધન્ય થતા, તેને અનુમોદતા તેઓ તેમના પર ખોબા ભરીને સુગંધિત 'વાસક્ષેપ' નાખે છે ! એ પીળા, અપાર્થિવ દ્રવ્યને ત્યાં ઉપસ્થિત સૌ કોઈ નરી આંખે નિહાળી શકે છે. પ્રગટપણે સ્પર્શીને સૂંઘી શકે છે....!! ના, આ કોઈ જાદુઈ, અસંભવ, અતિશયોક્તિપૂર્ણ યા પરીકથાની 'કલ્પના' નથી, આશ્ચર્યપ્રદ છતાંય પ્રતીતિ કરી શકાય તેવી 'નક્કર હકીકત' છે. 'ચમત્કાર' કહો તો "શુદ્ધ ભક્તિની શક્તિનો ચમત્કાર" છે અને કોઈએ કહ્યું છે તેમ-

"જગતમાં ચમત્કારોની અછત નથી,
અછત છે આંખની કે જે એ જોઈ શકે !"

એવી 'આંખ', એવી 'દૃષ્ટિ' ન હોય અને ચૈતન્ય-સત્તાની ચમત્કૃતિ દૃષ્ટિગોચર ન થઈ શકે તો એમાં દોષ કોનો ? પેલા સૂફી ફકીરે પણ આ જ કહ્યું છે—

"નૂર ઉસકા, જુહુર ઉસકા, અગર તુમ ન દેખો તો કુસૂર કિસકા ?"

એવી 'દૃષ્ટિ' છે ભક્તિ, વિશુદ્ધ ભક્તિ, એના વડે (ચૈતન્ય-સત્તાની

ચમત્કૃતિ જોઈ જ નહીં, 'અનુભવી' 'પામી'ને 'બની' પણ શકાય છે ! ભક્તિ વડે આત્મા પોતાથી પરમાત્મા સુધીનું અંતર પલવારમાં પાર કરી શકે છે. આવી પરાભક્તિને માણવા દેવો કેમ ન ઊતરી આવે ?

યાદ આવે છે ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરનું 'ગીતાંજલિ'માંનું એક અદ્ભુત કાવ્ય, જેનો ભાવ છે-"એક ગીત... માત્ર એક જ ગીત એવું ગવાય અંતરથી કે નીચે ઊતરી આવે રાજાઓનો રાજા-એને સાંભળવા !"

આ જ વાત અહીં અનુભવાતી હતી-સ્પષ્ટ, સાક્ષાત્ રાજાઓના રાજા જેવા દેવોને પણ ઉપરથી નીચે ખેંચી લાવતી આ ભક્તિની આમાં પરાકાષ્ઠા હતી. માતાજીની આવી ભક્તિને-તેમના ભક્તિ સ્વરૂપને-'વાસક્ષેપ' દ્વારા વેદી, અભિનંદી, અનુમોદીને દેવતાઓ વિદાય થાય છે.

માતાજીની આ ઉચ્ચ ભૂમિકાવાળી પરાભક્તિનો પરિચય પામીને અમે પણ એનો કિંચિત્ સંસ્પર્શ પામતા, ધન્ય થતા, તેમને પ્રણમી રહ્યા.

માતાજી ભદ્રમુનિજીના પૂર્વાશ્રમના-સંસારપક્ષના-કાકીબા, સાધના માટે, ગુફાઓને સાદ તેમને પણ સંભળાતાં, વર્ષો થયા અહીં આવીને તેઓ એક ગુફામાં સાધનારત રહે છે. સ્વામીશ્રીના સાદા-લૂખા આહારની સેવાનો લાભ પણ તેઓ જ લે છે અને વિશેષમાં આશ્રમમાં આવતાં બહેનો અને ભક્તો માટે છત્રછાયા-સમા બની રહે છે.

આ સિવાય પણ બીજા યુવાન અને વૃદ્ધ, નિકટના અને દૂરના જૈન-જૈનેતર-સર્વપ્રકારના-આશ્રમવાસીઓ અહીં રહે છે. સૌ એકબીજાથી ભિન્ન અને નિરનિરાળા, અંદરથી તેમજ બહારથી !

*મેં જોયાં એ સૌ સાધકોને - સૃષ્ટિની વિવિધતા ને વિધિની વિચિત્રતાના, કર્મની વિશેષતા ને ધર્મમર્મની સાર્થકતાનાં પ્રતીક-શા, અને છતાં એક આત્મલક્ષ્યના ગંતવ્ય ભણી જઈ રહેલાં ! તેમને જોઈને મારા સ્મૃતિ-પટે ઊપસી આવ્યું શ્રીમદ્‌નું વાકય-

"જાતિ વેશનો ભેદ નહીં, કહ્યો માર્ગ જો હોય!"

## એ અવધૂતની અંતર્ગુફામાં-

ઉકત "કહ્યો માર્ગ" બન્ને છેડાની આત્યંતિકતાથી મુકત એવો સ્વાત્મદર્શનનો સમન્વય, સંતુલન ને સંવાદપૂર્ણ સાધનાપથ છે : 'નિશ્ચય'

* આ ત્રણમાંના કોઈ સાધક હવે સદેહે નથી. અન્ય જન છે.

અને 'વ્યવહાર', આચાર અને વિચાર, સાધન અને ચિંતન, ભકિત અને ધ્યાન, જ્ઞાન અને ક્રિયા - એ સૌને સાંધનારો. શ્રીમદ્‌ના જ "આત્મસિદ્ધિ શાસ્ત્ર"માંના આ શબ્દો એ સ્પષ્ટ કરે છે :-

"નિશ્ચયવાણી સાંભળી સાધન તજવાં નો'ય.
નિશ્ચય રાખી લક્ષમાં સાધન કરવાં સોય...."

નિશ્ચયને, આત્માવસ્થાને લક્ષ્યમાં રાખીને ભૂમિકાભેદે વિવિધ સાધનામાં જોડતા શ્રીમદ્‌ના આ સાધનાપથને જ શ્રી સહજાનંદઘન-ભદ્રમુનિજી આ આશ્રમમાં પ્રવર્તાવી પ્રશસ્ત કરી રહ્યાં છે.

તેઓ સ્વયં આ સંતુલનપૂર્ણ સાધનાને અનુસરે છે. વીતરાગ-પ્રણીત સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રની આ ત્રિવિધ રત્નમયી સાધના તેમણે શ્વેતાંબર જૈન મુનિમાંથી એકાંતવાસી અને દિગંબર ક્ષુલ્લક બન્યા પછી યે ચાલુ રાખી છે. જ્ઞાન અને ક્રિયા-બન્નેને તેમણે યથોચિત જાળવ્યા છે, સાધ્યા છે. ભકિતનું પણ તેમાં સ્થાન છે. આ બધાથી આગળ તેમની ધ્યાનની ભૂમિકા છે. એ સતત, સહજ ને સમગ્રપણે સાધવા તેઓશ્રી સાધનારત છે. "કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન...." આત્માવસ્થાનું આ સહજ સ્વરૂપ તેમનું ધ્રુવબિંદુ છે. તે સાધવામાં શ્રીમદ્‌નો આધાર તેમને સર્વાધિક ઉપરકારક અને ઉપાદેય પ્રતીત થયો છે. એ મુજબ તેમના આત્મભાવની જાગૃતિપૂર્વકનાં દેહ-પ્રવર્તન, "સાહજિક તપશ્ચર્યા" અને "સમગ્રસાધના"ના નીતિનિયમાદિ બરાબર સહજભાવે ચાલુ રહે છે. એક દિગંબર ક્ષુલ્લકને કલ્પે એ રીતે તેઓશ્રી ચોવીસ કલાકમાં એક વખત જ ભોજન અને પાણી લે છે. ભોજનમાં સાકર, તેલ, મરચાં, મસાલા, નમક વગરનો ચોક્કસ અભિગ્રહપૂર્વકનો જ આહાર હોય છે. આ લીધાં પછી વચ્ચે કયારેય આહાર કે પાણી સુદ્ધાં લેતા નથી....અમુક સાધકોને માર્ગદર્શન આપવા કે સત્સંગ-સ્વાધ્યાય-ધ્યાન ભકિતની સામુદાયિક સાધના અર્થે બહાર આવા સિવાય લગભગ પોતાની અંતર્ગુફામાં જ તેઓશ્રી રહે છે. સાંજના સાત પછી તો એ ગુફાનાં દ્વાર બંધ થાય છે. તેઓ એકાંતમાં ઊતરી જાય છે ને કેવળ આ 'રત્નકૂટ' પરની સ્થૂળ અંતર્ગુફાના જ એકાંતમાં નહીં, રત્નમય આત્મસ્વરૂપની સૂક્ષ્મ અંતર્ગુફામાં ઊંડે ઊંડે તેમનો પ્રવેશ થાય છે....

મને તેમની બહિર્સાધના, બહિર્ગુફા અને બહિર્દર્શન પામવા-જોવાનો લાભ મળ્યો હતો, પરંતુ તેટલાથી મને સંતોષ ન હતો... મારે તેમની સ્થૂળ અંતર્ગુફા જોવાની પણ ઉત્સુકતા હતી અને સૂક્ષ્મ અંતર્સાધના

જાણવા-સમજવાની પણ ! સદ્‌ભાગી હતો કે, શરદપૂર્ણિમાની ચાંદની રાતે એ ગુફા મંદિરના સામુદાયિક ભકિત કાર્યક્રમમાં જિનપ્રતિમા અને શ્રીમદ્‌ની શ્વેત આરસ પ્રતિમા સન્મુખ મારી સિતારના તાર પણ રણઝણીને ગુંજી ઊઠયા. અહીંના દિવ્ય વાતાવરણમાં કોઈ અજબ આનંદ માણતો હું સિતારની સાથે સાથે અંતરના પણ તાર છેડી રહ્યો હતો....મસ્તવિદેહી આનંદઘનજી અને પરમ કૃપાળુ સહજાત્મયોગી શ્રીમદ્‌ રાજચંદ્રજીનાં પદો એક પછી એક અંતરમાં ઊંડેથી ઘૂંટાઈ ઘૂંટાઈને પ્રગટવા લાગ્યા : ને "અવધૂ ! કયા માગું, ગુન હીના ?" અને "અબ હમ અમર ભયે ન મરેંગે" ગાંઉ ન ગાઉં ત્યાં તો અવધૂત ભદ્રમુનિજી પોતાની અંતર્ગુફામાંથી બહાર આવ્યાં અને સામે આવી બેઠા : હું ઓર પ્રમુદિત થયો. મને થયું : "તેમની જેમ જ અંતર્લોકની આત્મગુફાઓ- માંથી મારાં પરિચિત, ઉપકારક અને ઉપાસ્ય એવાં પાંચ દિવંગત આત્માઓ પણ અહીં આવીને ઉપસ્થિત થાય તો કેવી 'ધન્યતા' અનુભવાય ને આ ભાવ- ભકિતની કેવી રંગત જામે !.... તેમને ઉપસ્થિત કરવા જ. આખર પેલા માતાજીની જેવી ભાવના અંતરથી જાગે તો તેઓ કેમ ન આવે ?..." અને આ ઝંખનાથી મારો ભીતરનો ભાવ ઉલ્લસિત થતો થતો વર્ધમાન થવા લાગ્યો...સિતાર પર ફરીને આંગળીઓ ફરી રહી. અંતરમાંથી સ્વર ઘૂંટાયા, ઊંડે ઊંડેથી એ પાંચ આત્માઓને નિમંત્રણ અપાયાં, આંખો બંધ થઈ અને શબ્દો-સપ્રાણ શબ્દો-પ્રગટી રહ્યા :

"અપૂર્વ અવસર એવો કયારે આવશે?
કયારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો,
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો ?"....

એક પછી એક કડીઓ ઘૂંટાઈને ઘૂંટાઈને બાગેશ્રીના આર્ત્તસ્વરોમાં ગવાવા લાગી.... પછી તો ખેંગારબાપા પણ એમાં જોડાયા... તેમને જોઈને સારો સમૂહ પણ એ ઝીલવા લાગ્યો.... કરતાલ અને મંજીરા રણકી રહ્યાં.... ભદ્રમુનિજીના હાથમાં પણ ખંજરી ઝૂમી ઊઠી !.... કદાચ માતાજી અને આત્મારામ પણ ડોલી રહ્યાં હતાં....

અદ્‌ભુત રંગત જામી. નિજાનંદની મસ્તી અનુભવમાં આવી. દેહભાન છૂટવા લાગ્યું.... શરીર સાથે સિતારના સંગનું ભાન પણ હટવા લાગ્યું... અલખની લહેરો લાગી... અને એક ધન્ય પળે હું અનુભવ કરી રહું છું કે,

"હું દેહથી ભિન્ન કેવળ આત્મસ્વરૂપ છું.... એમાં જ મારો વાસ છે... એ જ મારું નિજ ઘર-નિજ નિકેતન છે.... મારો એ વાસ હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં સદાય ટકાવી રાખે એવો 'અપૂર્વ અવસર' કયારે આવશે ?" ઠીક ઠીક સમય આ ભાવદશા જાગેલી રહી. સાથે સાથે એ અનુભવ પણ થયો કે પેલા પાંચ નિમંત્રિત દિવંગત આત્માઓઓની હાજરી મને અહીં વરતાઈ રહી છે... એ સૌ પ્રસન્નપણે મારા પર એમના પ્રેમ ને કરુણાભર્યા આશીર્વાદ વરસાવી રહ્યાં છે.... હું પ્રફુલ્લિત, પ્રમુદિત, પરિતૃપ્ત બનીને લગભગ પોણા કલાક સુધી ૨૧ ગાથાનું 'અપૂર્વ અવસર'નું આ એક જ પદ ગાયે જઉં છું...

પદ-ગાન પૂરું થયું, સિતાર હેઠું મુકાયું, પણ મારી ભાવદશા અંતરથી સતત જોડાયેલી રહી.... હું ધન્ય થયો. સૌથી વધુ પ્રસન્ન 'સ્વાન્તઃ સુખાય' ગાનાર એવો હું પોતે હતો ! શેષ સૌની પ્રસન્નતાને સમીપસ્થ શ્રી સહજાનંદઘનજીએ વ્યકત કરી એને તેઓ ઊઠયા..... તેમના આશીર્વાદ પામીને મેં મારા પેલા લોભવશ તેમની અંતર્દશાનો પણ સંસ્પર્શ અને લાભ પામવા સવાર માટેની તેમની મુલાકાતનો સમય માગી લીધો અને હું યે ત્યાંથી ઊઠયો.....રાત્રિના ત્રણ વાગ્યા હતા, થાકયો ન હતો, પરંતુ 'અપૂર્વ અવસર'ની એ જાગેલી ભાવદશામાં જ મારે રહેવું હતું એટલે એ ગુફામંદિરના સમૂહમાંથી દૂર જઈને એક એકાંત, અસંગ શિલા પર ધ્યાનસ્થ થયો-પુણ્યભૂમિ, એ ચાંદની અને એ નીરવતામાં શૂન્યશેષ આત્મદશાનો જે આનંદ માણ્યો એ અવર્ણનીય અને અપૂર્વ જ હતો ! ધ્યાનાન્તે મારી 'સ્મરણિકા'માં એને થોડો-શો શબ્દબદ્ધ કરવાનો પ્રયત્ન (વૃથા પ્રયત્ન જ ! એ શબ્દમાં થોડો બંધાય ?....) કર્યો, શરીરને થોડી નિદ્રા (સમાધિવત્ આનંદ-નિંદ્રા...) આપી અને બીજી સવારે સહજાનંદઘનજીને મળવા તેમની અંતર્ગુફા ભણી ચાલ્યો.

મુનિજી બહારના ગુફામંદિરમાં જ આવીને બેઠેલા હતા. જિજ્ઞાસા અને વિવેકપૂર્વક તેમની પાસેથી ગુણગ્રાહીતાની દષ્ટિએ સાર પામવા અને તેમનો સાધનાક્રમ સમજવા મારી કલાકો સુધી અસ્ખલિતપણે વિશદ પ્રશ્નચર્ચા ચાલી. તેનાથી મને તેમનાં ઊંડાં જ્ઞાન, આત્માનુભૂતિ, પરાભકિત, નિખાલસતા, પ્રેમ, બાળવત્ સરળતા અને છતાં ઉચ્ચ આત્મદશાનો પરિચય થયો અને આત્મીયતા, સમાધાન અને પ્રેરણા પ્રાપ્ત થયાં, તેમનો ઘણો સમય વ્યતીત થઈ જવા છતાં તેમણે ખૂબ ઉદારતા અને અનુગ્રહપૂર્વક પ્રશ્નોની છણાવટ કરી. એના દ્વારા તેમણે તેમની અંતર્દશાનું-તત્ત્વદષ્ટિનું ને

બહિર્સાધનાનું પણ દર્શન કરાવ્યું અને તેમની પેલી 'અંતર્ગુફા'નું પણ ! અલબત્ત એમાં ઊંડે સુધી કોઈને માટે પણ પ્રવેશ નિષિદ્ધ હતો (અને કેમ ન હોય, કે જ્યારે સ્વયંની જ અંતર્ગુફામાં જવાની માણસની ક્ષમતા-સંભાવના ન હોય!) છતાં પ્રેમવશ તેમણે કેટલેક સુધી એ દર્શાવી અને તેમાં સ્થિત કેટલીક અદ્‌ભુત સામગ્રી- સુખડ, ધાતુ, રત્ન ઇત્યાદિની કલાત્મક જિન-પ્રતિમાઓ મને બહાર લાવી લાવીને બતાવી ! સુખડની પ્રતિમાની પેલા દૈવી 'વાસક્ષેપ'-થી પૂજા થયેલી હતી...એના પર એ અદ્‌ભુત, દર્શનીય, સુગંધી, કેસરી-પીળો એવો 'વાસક્ષેપ' પડેલો હતો.....સૌથી વિશેષ તો એ એકાંત ગુફામાંથી શાંતિનાં, નીરવતાનાં, વિકલ્પ-શૂન્ય સ્વરૂપાવસ્થાનાં જે આંદોલનો પ્રસરી રહ્યાં હતાં, તે જાણે ધ્યાનસ્થ કરી રહ્યાં હતાં-હા, ધ્યાનસ્થ, 'જાગૃત'પણે 'સ્વ'રૂપમાં ધ્યાનસ્થ, નશાવત્ 'નિદ્રાસ્થ' નહીં !

તેમની આ 'સ્થૂળ અંતર્ગુફા'માંથી વીતરાગ દેવોની સુંદર સ્થૂળ પ્રતિમાઓ નીકળી રહી હતી. તો તેમના અંતરાત્માની 'સૂક્ષ્મ અંતર્ગુફા' માંથી એ પ્રતિમાઓના આંતરિક, સૂક્ષ્મ ગુણોને વ્યકત કરતાં સ્વરૂપો વ્યકત થઈ રહ્યાં હતાં. વૈખરી-મધ્યમા-પશ્યન્તીના સ્તરોને પાર કરીને આવતી તેમની 'પરા' વાણી તેમના અંતર્લોક તરફ સંકેત કરી રહી હતી, આત્માના અભેદ એવા પરમાત્મસ્વરૂપ ભણી આંગળી ચીંધી રહી હતી !

તેમની ગુફાના અને તેમના અંતરના એવા નિગૂઢતમ સ્વરૂપ સુધી પહોંચી તેનો પાર અને સાર હું મારા માટે કંઈક તારવી શકયો હતો એ કારણે હું આનંદિત હતો, કૃતાર્થ બન્યો હતો, ધન્ય થયો હતો !.....

આમ આ અવધૂતની અંતર્ગુફાનો કંઈક સંસ્પર્શ પામી મારી સ્વરૂપાવસ્થાને સવિશેષ સજાગ કરતો હું દેહનું ભાડું ચૂકવવા-આ વાતાવરણમાં આહાર-રુચિ વિરમી જવા છતાં - ભોજનાલય ભણી વળ્યો - સંગાથી સ્વજનો સાથે.

## "મૌન" મહાલયો જ્યારે "મુખર" બન્યા....!

ભોજન અને થોડો આરામ લીધો ને નિકટ પથરાયેલા ઐતિહાસિક અવશેષો જોવા હું નીકળી પડયો. વિજયનગર સામ્રાજ્યના ૬૦ માઈલના વિસ્તારમાં એ અવશેષો ફેલાયેલા હતા....મહાલયો, પ્રાસાદો ને સ્નાન-ગૃહો, વિશાળ દેવાલયો ને ઊંચા શિલ્પસભર ગોપુરો, લાંબી લાંબી શ્રેણીબદ્ધ

બજારો-દુકાનો ને મકાનો; રાજ-કોઠારો ને હસ્તિશાળાઓ-આ બધાનાં પાષાણ-અવશેષો મેં જોયા....એ પથ્થરોમાંથી આવતા ધ્વનિઓને સાંભળ્યા....એક મંદિરમાં તો પ્રત્યેક સ્તંભમાંથી તંતુ ને તાલવાદ્યોના સ્વર એ વ્યક્ત કરી રહ્યા હતા !

દૂર દૂર ફરી ફરીને આ બધાંને જોઈ વળી, નમતા પહોરે 'રત્નકૂટ' પર પરત આવી તેની એક શિલા પરથી એ બધાં અવશેષો પર ચોમેર દૂર સુધી દૃષ્ટિ નાંખતો હું ઊભો રહ્યો.....

.....અને એ મૂંગા પથ્થરો ને મૌન મહાલયો 'મુખર' બનીને બોલતાં અને પોતાની વ્યથાભરી કથા કહેતા સંભળાઈ રહ્યાં....આંખો, સામેના એ મહાલયો ભણી જ મંડાયેલી રહી....પાષાણોની વાણી સાંભળી ધ્યાનસ્થ થતો હું અંતરમાં ઊંડો ઊતરી રહ્યો....મિનિટોની મિનિટો નીરવ, નિર્વિકલ્પ શૂન્યતામાં વીતી ગઈ....અંતે કંઈક મુશ્કેલી સાથે એમાંથી જ્યારે બહાર આવ્યો ત્યારે અંતર અનુભવ કરી રહ્યું :-

"કેટકેટલી સભ્યતાઓ અહીં સર્જાઈ અને વિરમી....! કેટકેટલાં સામ્રાજ્યો અહીં ઊભા થયાં અને અસ્ત પામ્યાં....!! કેટકેટલા રાજાઓ અહીં આવ્યા અને ગયા !!!"

આ ભાંગેલાં ખંડેરો અને અટલ ઊભેલી શિલાઓ તેનાં સાક્ષી છે. મૌન ઊભી ઊભી એ ઇતિહાસ કહે છે તેમનાં ઉત્થાન-પતનનો અને સંકેતપૂર્ણ સંદેશ આપે છે આ બધાની ક્ષણભંગુરતાનો! - પેલા 'Ozymandias of Egypt'ની પાષાણ-પ્રતિમાની જેમ !!-અંતે એ આંગળી ચીંધે છે પેલા અરૂપ, અમર, શાશ્વત, આત્મતત્ત્વ ભણી-કે જે કદી નાશ પામતું નથી અને જે આ પુણ્યભૂમિ પર જ અનેક મહાભાગી મનુજોને ઓળખાયું ને સધાયું હતું....!

"શિલાઓનાં ચરણ પખાળતાં, કલકલ મંદ નિનાદ કરતા તે હસ્તિ-શી મંથર ગંભીર ગતિએ વહેતાં તુંગભદ્રાના આ મંજુલ જળ! તેમનાં અવિરત વહેણમાંથી જાણે પ્રશ્નોના ઘોષ ઊઠે છે-" કોઽહમ્ ? કોઽહમ્ ? હું કોણ ? હું કોણ ?"

"અને નિકટ ઊભેલી પ્રાકૃતિક પહાડી શિલાઓમાંથી એ ઘોષના જાણે પ્રતિઘોષ જાગે છે-"સોઽહમ્... સોઽહમ્... શુદ્ધોઽહમ્... બુદ્ધોઽહમ્... નિરંજનોઽહમ્....આનંદરૂપોઽહમ્....સહજાત્મરૂપોઽહમ્" સચ્ચિદાનંદી

શુદ્ધ સ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપ....!"

ખબર નહીં-'શાશ્વત'ભણી સંકેત કરતા 'પ્રાકૃત' શિલાઓના આ ઘોષ-પ્રતિઘોષોને ક્ષણભંગુરતાની પાછળ ભૂલી-ભટકીને બેહાલ થયેલા પેલા મહાલયોના વિકૃત' ખંડેરો-પથ્થરોએ (અને હજુયે એવાં જ પથ્થરોનાં પ્રાણહીન ભીતડાં ઊભા કરવામાં જન્મોના જન્મો ગાળ્યે જનારા વર્તમાનના સત્તાધીશ નશોન્મત્તોએ) સાંભળ્યાં કે કેમ, પરંતુ મારા અંતરમાં તો એ ઊંડે ઊંડે પહોંચીને જડાઈ ગયા હતા, ગુંજી ઊઠયા હતા અને એને સાંભળતો સાંભળતો હું આનંદલીન બની રહ્યો હતો, શૂન્યશેષ થઈ રહ્યો હતો, મારા શાશ્વત આત્મસ્વરૂપની વિકલ્પરહિત સંસ્થિતિમાં ઢળી રહ્યો-ભળી રહ્યો હતો !

અને મને જાણવા મળ્યું કે અંતે તો મને કે કમને, એ મૌન મહાલયો પણ "મુખર" બનીને પોતાની હાર સ્વીકારતા શાશ્વતતાના આ સંદેશને જ સ્વીકાર કરતી 'હા' ભણી રહ્યા હતા....એવો ને એવો હતો માત્ર એના રચનારા પેલા વર્તમાનના દયાપાત્ર સત્તાધીશ નશોન્મત્તોનો 'નન્નો'!

શાશ્વંત-તત્ત્વ ભણી સાંકેતિક, સૂચક આંગળી ચીંધતાં તુંગભદ્રાના જળ અને પ્રાકૃતિક પર્વત-શિલાઓના ઘોષ-પ્રતિઘોષ એ જડતત્ત્વમાં બદ્ધજનો સાંભળી શકે એવી ક્ષમતા તેમનામાં કદાચ ન પણ હોય, પરંતુ રત્નકૂટ પરની આ આશ્રમની ગુફાઓમાં ગુંજતા શ્રીમદ્ રાજચંદ્રજીના જ્ઞાન ગંભીર ઘોષ તો સ્પષ્ટપણે તેઓ સાંભળી શકે....કાશ ! તેમના કાન એ સાંભળવા આતુર બને !! જડની ક્ષણભંગુરતા એ સરળપણે સમજાવી રહ્યાં છે-

"છો ખંડના અધિરાજ જે ચંડે કરીને નીપજ્યા,
બ્રહ્માંડમાં બળવાન થઈને ભૂપ ભારે ઊપજ્યા;
એ ચતુર ચક્રી ચાલિયા, હોતા-નહોતા હોઈને,
જન જાણીએ, મન માનીએ, નવ કાળ મૂકે કોઈને....
જે રાજનીતિ નિપુણતામાં ન્યાયવંતા નીવડયા,
અવળા કર્યે જેના બધા સવળા સદા પાસા પડયા;
એ ભાગ્યશાળી ભાગિયા તે ખટપટો સૌ ખોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને...."

('મોક્ષમાળા')

ગુફાઓમાં ગુંજતો મહાયોગી આનંદઘનજીનો બીજો અવાજ પણ આ જ ચેતવણી ઉચ્ચરી રહ્યો છે-

"યા પુદ્ગલકા કયા વિશ્વાસા,
ઝૂઠા હૈ સપનેકા વાસા....
ઝૂઠા તન ધન, ઝૂઠા જોબન,
ઝૂઠા લોક તમાસા...
આનંદઘન કહે સબહી ઝૂઠે,
સાચા શિવપુર વાસા"....

('આનંદઘન પદ્ય રત્નાવલી')

## સમ્યગ્ સાધનાની સમગ્ર દષ્ટિ-

ગમે તેમ, શિવપુરના-નિજ દેશના-શાશ્વતના ભણી સંકેત કરતા આ ઘોષ-પ્રતિઘોષ મારા અંતરપટે અથડાઈને સ્થિર થઈ ચૂકયા હતા-આ આશ્રમભૂમિ પરના મારા ચોવીસ કલાકમાં જ ! આ અલ્પ દેખાતા ગાળામાં તો આ વાતાવરણે શા શા અનુભવ કરાવ્યા હતા....!! મારી વિશૃંખલિત સાધનાને અનુભૂત જ્ઞાનીઓની સંગે કેવા કેવા સમ્યગ્ પ્રકારે જોડી હતી !!! અને એટલે, નિર્ધારિત સમય થઈ જવા છતાં ફરી ફરીને કલાક-દોઢ કલાક મુનિજીનો સત્સંગ લાભ લેવાના લોભનું સંવરણ હું કરી શકતો ન હતો.

પુનઃ તેમની સાથે મહત્ પુરુષોની જીવનચર્યા અને સમ્યગ્ સાધનાદષ્ટિ પરત્વે પ્રશ્નચર્ચા ચાલી. મહાયોગી આનંદઘનજી વિષેની મારી જિજ્ઞાસાથી એનો આરંભ થયો. ભગવાન મહાવીર, તથાગત બુદ્ધ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, આચાર્ય હરિભદ્રસૂરિ, દેવચંદ્રજી, યશોવિજયજી, કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી, કુંદકુંદાચાર્યજી અને વિહરમાન તીર્થંકર ભગવાન સીમંધરસ્વામી સુધીના લોકોત્તર પુરુષોની ચેતનાભૂમિમાં મુનિજી સંગે મારો વિહાર ચાલ્યો...એ દિવ્ય પ્રદેશોની યાત્રાથી હું ખૂબ ખૂબ સમૃદ્ધ ને ખૂબ ખૂબ સ્વત્વસભર બની રહ્યો હોઉં તેવું હું અનુભવી રહ્યો.

એ પછી વર્તમાનના જૈનાચાર્યો અને અન્ય મહાપુરુષોના સાધના પ્રદેશોમાં ડોકિયું કર્યું : ગાંધીજી, શ્રી અરવિંદ, રવીન્દ્રનાથ, મલ્લિકજી,

વિનોબાજી, ચિન્નમ્મા, અને અન્ય અનેકની સાધનાદષ્ટિની તુલનાત્મક વિચારણા ચાલી. સાર રૂપે આમાંથી હું સમ્યગ્ સાધનાની દૃષ્ટિ પામતો તારણ કાઢી રહ્યો : "આત્મદીપ બન...! સ્વયંને જાણ...!! તું તારું સંભાળ !!!" અને આ બધાના ફળ સ્વરૂપે મારી વિદ્યાની, જ્ઞાન-દર્શન-ચારિત્ર સાધનાની, આત્માનુભૂતિની અભીપ્સાઓ અદમ્યપણે પુનઃ જાગી રહી. વીતરાગ-પ્રણીત સાધનાપથ અને શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનદર્શન, આજ સુધીના મારા અનુભવો અને આજની પ્રશ્નચર્ચા પછી મને પૂર્ણપણે ઉપાદેય પ્રતીત થઈ રહ્યાં હતાં. તેથી પછીથી મારી સાધના-દષ્ટિને વિશેષ સ્પષ્ટ કરવા મુનિજીને મેં પુછાવેલું, તેમાં તેમણે જે સચોટ સ્પષ્ટતા કરી છે તેથી શ્રીમદ્ની, તેમની અને આશ્રમની સમગ્ર, સારગ્રાહી, સંતુલિત, સાધનાદષ્ટિ સમ્યગ્પણે પ્રગટ થાય છે. મારા પ્રશ્નના ઉત્તરમાં તેમણે લખ્યું હતું -

"આપના હૃદયમંદિરમાં જો પરમ કૃપાળુ દેવની (શ્રીમદ્ રાજચંદ્રજીની) પ્રશમરસ નિમગ્ન અમૃતમયી મુદ્રા પ્રગટ થઈ હોય, તો તેને ત્યાં જ સ્થાપી સ્થિર કરવી ઘટે છે. પોતાના જ ચૈતન્યનું તથા પ્રકારે પરિણમન એ જ સાકાર ઉપાસના શ્રેણીનું સાધ્યબિંદુ છે અને એ જ સત્યસુધા કહેવાય છે. હૃદયમંદિરથી સહસ્રદલ કમળમાં તેની પ્રતિષ્ઠા કરી ત્યાં જ લક્ષ્યવેધી બાણની માફક ચિત્તવૃત્તિ પ્રવાહનું અનુસંધાન ટકાવી રાખવું એ જ પરાભકિત કિંવા પ્રેમલક્ષણા ભકિત કહેવાય છે. ઉપરોકત અનુસંધાનને જ શરણ કહે છે. શર= તીર. શરણબળે સ્મરણબળ ટકે છે. કાર્યકારણ ન્યાયે શરણ અને સ્મરણની અખંડતા સિદ્ધ થયે, આત્મપ્રદેશે સર્વાંગ ચૈતન્ય-ચાંદની ફેલાઈ સર્વાંગ આત્મદર્શન અને દેહદર્શન ભિન્ન-ભિન્નપણે નજરાય છે અને આત્મામાં પરમાત્માની છબી વિલીન થઈ જાય છે. આ આત્મા-પરમાત્માની અભેદતા એ જ પરાભકિતની છેવટની હદ છે. એ જ વાસ્તવિક ઉપાદાન સાપેક્ષ સમ્યગ્ દર્શનનું સ્વરૂપ છે.

"વહ સત્યસુધા દરસાવહિંગે, ચતુરાંગુલ વ્હૈ દગસેં મિલ હૈ;
રસદેવ નિરંજન કો પિવહી ,ગહી જોગ જુગોજુગ સો જીવહી."

(શ્રીમદ્જીકૃત) આ કાવ્યનો તાત્પર્યાર્થ એ જ છે. આંખ અને સહસ્રદલ કમલની વચ્ચે ચાર અંગુલનું અંતર છે. તે કમલની કર્ણિકામાં ચૈતન્યની સાકાર મુદ્રા એ જ સત્યસુધા છે, એ જ પોતાનું ઉપાદાન છે. જેની એ આકૃતિ ખેંચાઈ છે, તે બાહ્યતત્ત્વ નિમિત્ત કારણ માત્ર છે. તેમના આત્મામાં જેટલે

અંશે આત્મવૈભવ વિકસ્યો હોય એટલે અંશે સાધકીય ઉપાદાનનું કારણપણું વિકસે છે અને કાર્યાન્વિત થાય છે. અત એવ નિમિત્ત કારણ, સર્વથા વિશુદ્ધ આત્મવૈભવ સમ્પન્ન હોય તેમનું જ અવલંબન લેવું ઘટે, તેમાં જ પરમાત્મ-બુદ્ધિ હોવી ઘટે, એ રહસ્યાર્થ છે.

"આવા ભકતાત્માનું ચિંતન અને આચરણ વિશુદ્ધ હોઈ શકે છે, અત એવ ભકિત, જ્ઞાન અને યોગ સાધનાનો ત્રિવેણી સંગમ સધાય છે. જેથી એવા સાધકને ભકિત-જ્ઞાન શૂન્ય માત્ર યોગ સાધના કરવી આવશ્યક નથી. દૃષ્ટિ, વિચાર અને આચાર-શુદ્ધિનું નામ જ ભકિત, જ્ઞાન અને યોગ છે અને એ જ અભેદ પરિણમને 'સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' છે. પરાભકિત વિના જ્ઞાન અને આચરણ વિશુદ્ધ રાખવાં દુર્લભ છે, એનું જ દૃષ્ટાંત આ.ર.(આચાર્ય રજનીશ) પૂરું પાડી રહ્યા જ છે ને ? અતએવ આપ ધન્ય છો, કારણ કે નિજ ચૈતન્ય દર્પણમાં પરમ કૃપાળુની છબી અંકિત કરી શકયા છો. ૐ."

સમ્યગ્ સાધનાની તેમની આ સમગ્ર દૃષ્ટિ મને ચિંતનીય, ઉપાદેય અને પ્રેરક જણાઈ. આ પત્ર દ્વારા એ વિશેષ સ્પષ્ટ તો પછીથી થઈ એ ખરું, પરંતુ પ્રત્યક્ષ પરિચયમાં એ બળવત્તર ને દૃઢ તો બની જ ચૂકી હતી...એ સમજવાનું ખેંચાણ એટલું બધું હતું કે ત્યારે ખૂબ સમય થઈ ચૂકયો હતો છતાં ઊઠવાનું, ત્યાંથી ખસવાનું, મન થતું ન હતું....અંતે પરાણે ઊઠયો.

## અને વિદાયવેળાએ ગુંજી ઊઠયા ગુફાઓના પડઘા....!

- અને ત્યારે સામે ચોમેર પથરાયેલી ગિરિ-કંદરાઓ, ગુફાઓ અને પેલી પ્રાકૃતશિલાઓ જાણે રસ્તો રોકીને ઊભેલી જણાતી હતી ! એમાંથી જાણે ધીર ગંભીર સાદ ઊઠી રહ્યા હતા અને દિગંતભેદી પ્રચંડ પડઘા પાડતા મારા અંતર્લોકને ઝણઝણાવી રહ્યાં હતા ને કાનોને કોઈ દિવ્ય સંગીતથી ભરી રહ્યા હતા...એના સૂર-માધુર્યમાંથી છૂટવું સહેલું ન હતું....એના ચિરપરિચિત-શા લાગતા નિમંત્રણને ટાળવું સંભવ ન હતું....પરંતુ અંતે નિરુપાયે ત્યાંથી પગ ઉપાડયા-યથા સમયે પુનઃ અહીં આવવાના સંકલ્પ સાથે : કર્તવ્યો સારીને ઋણમુકત થવા. શ્રીમદ્ રાજચંદ્રજીના શબ્દો-સ્વયંની અવસ્થા સૂચક શબ્દો-મારી યે કંઈક સાખ પુરાવી રહ્યાં :

"અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે,
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે....
ધન્ય રે દિવસ આ અહો!"

પણ 'દેહ એક જ ધારીને' સ્વરૂપ-સ્વદેશે, નિજ નિકેતને જવાનું તો એમના જેવા ભવ્યાત્મા માટે નિર્માયું હતું, કારણ એમના 'ભવના બીજ તણો આત્યંતિક નાશ' થઈને એમના સંસારનો છેડો આવી રહ્યો હતો, જ્યારે મારા જેવા અલ્પાત્મા માટે તો હજુ કેટલાયે દેહ-દેહાંતરો-ભવાંતરોનો પંથ બાકી હશે !....પણ આ ગુફાઓના સાદ મને હિંમત આપી રહ્યા હતા, "સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય"- કહેતાં સ્વયંસિદ્ધિની ક્ષમતાની ખાત્રી ને સ્મૃતિ આપી રહ્યાં હતાં, નિશ્ચિંતતા અને નિષ્ઠાભેર શીઘ્રાતિશીઘ્ર પરત આવવાનો કોલ માગી રહ્યા હતા....મને લાગી રહ્યું કે એને વધુવાર અવગણી નહીં શકાય. એટલે આ દેહે જ આ ગુફાઓમાં નિઃસંગ-નીરવ-એકાંત સ્વયં-સાધનાર્થે આવી વસવાનો ઉપર્યુકત સંકલ્પ કરી ત્યાંથી ચાલી નીકળ્યો-વિદાયવેળાએ ભવ્ય-ભદ્ર-હૃદય ભદ્રમુનિજીના, ભકિત સભર માતાજીના, ઓલિયા ખેંગારબાપાના અને મસ્ત-મૌની આત્મારામના આશીર્વાદ ને પ્રેમના પાથેયને સાથે લઈને : ત્યારે મારા મસ્તકે હતો એ બધાના પ્રતીકરૂપે મુનિજીએ પારાવાર પ્રેમથી આપેલો પેલો દિવ્ય 'વાસક્ષેપ'!

દિવસ-યાત્રા પતાવી સૂરજ ધરતી પરથી ક્ષિતિજે ઢળતો વિદાય થઈ રહ્યો હતો, સાધના-યાત્રા પતાવી આ નૂતન આશ્રમતીર્થની ધરતી પરથી હું વિદાય થઈ રહ્યો હતો...આકાશે વિવિધ રંગો પથરાયા હતા...સમીર મંદ મંદ વહી રહ્યો હતો...પેલા ગુફામંદિરમાંથી કાલની શારદરાત્રિએ મારા વડે જ ગવાયેલાં પદ-ગાનના પ્રતિધ્વનિઓ ઊઠી ઊઠીને મારા કર્ણપટે અથડાઈ રહ્યા હતા :-

"એહ પરમ પદ પ્રાપ્તિનું કર્યું, ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ-આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો-
અપૂર્વ અવસર એવો કયારે આવશે ?"

અને 'અપૂર્વ અવસર'ની પ્રતીક્ષાની અભીપ્સા ભરેલા એ પ્રતિધ્વનિઓ મારા કાનોમાં ગુંજતાં અંતર ઊંડે અનુગૂંજ જગાવી રહ્યા હતા, તો બહારથી એ બધાને પરિવૃત્ત-Superimpose-કરતો પ્રચંડ આદેશ સામેની એક

ઉપત્યકામાંથી આવી રહ્યો હતોઃ

"વિરમ્ વિરમ્ સંગાન્, મુઞ્ચ મુઞ્ચ પ્રપંચમ્
વિસૃજ વિસૃજ મોહમ્, વિદ્ધિ વિદ્ધિ સ્વતત્ત્વમ્;
કલય કલય વૃત્તમ્, પશ્ય પશ્ય સ્વરૂપમ્,
ભજ વિગત વિકારં, સ્વાત્મનાત્માનમેવ."

સંગો, પ્રપંચો, મોહ સર્વ છોડી આત્મસ્વરૂપને નિહાળ, સ્વાત્માને ભજ.

એના જુદી જુદી પંક્તિઓના એક જ સારભૂત સાદના પડઘા, સામે પથરાયેલી અનેક ગિરિકંદરાઓ એક પછી એક પાડી રહી હતી :

"વિદ્ધિ વિદ્ધિ સ્વતત્ત્વમ્....વિદ્ધિ વિદ્ધિ સ્વતત્ત્વમ્"
"પશ્ય પશ્ય સ્વરૂપમ્....પશ્ય પશ્ય સ્વરૂપમ્"
"સ્વતત્ત્વને-તારા પોતાના તત્ત્વને જાણ...!"
"સ્વરૂપને-તારા પરમ આત્મ-રૂપને નિહાળ !"

ત્યાં વચ્ચે જ વીતરાગવાણીને-નિર્ગ્રંથ પ્રવચનને-પ્રમાણતો શ્રીમદ્‌નો મહાઘોષ બાજુની ગુફામાંથી વચ્ચે ડોકાતો ગુંજી જતો હતો :

"જેણે આત્માને જાણ્યો, તેણે સર્વને જાણ્યું"
"જે એકને જાણે છે તે સર્વને જાણે છે."

ને વળી પાછા પડઘા પર પડઘા પાડતા પેલા ગિરિ-કંદરાઓના ઘોષ ગુંજી રહ્યા હતા :

"વિદ્ધિ વિદ્ધિ સ્વતત્ત્વમ્-તારા પોતાના તત્ત્વને જાણ સ્વરૂપને નિહાળ..."
"પશ્ય પશ્ય સ્વરૂપમ્....તારા આત્મસ્વરૂપને નિહાળ..."

અને એ ગુંજી રહેલા પડઘાઓની સાથે ભીરતથી હું આત્મસ્વરૂપમાં ઊંચે ને ઊંચે ઊઠતો, બહારથી અનિચ્છાએ રત્નકૂટની એ પહાડી આશ્રમી ધરતી પરથી નીચે ઊતરી રહ્યો હતો-એ આશ્રમના કેન્દ્ર અને મારા જીવનના આરાધ્ય પરમગુરુ શ્રીમદ્‌ના ભવ્યાત્માને મનોમન પ્રણમી રહીને :

"દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
એ જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત."

મારી એ સાધના-યાત્રા બહારથી સમાપ્ત થઈ છે...પણ અંદરમાં ચાલુ છે. આજે સ્થૂળરૂપે એ યોગભૂમિથી દૂર છું અને હજુયે દૂર ને દૂર જઈ રહ્યો છું, પરંતુ રત્નકૂટની ગુફાઓના એ ગંભીર જ્ઞાનઘોષ મારા કર્મના પ્રત્યેક

સંચારમાં-યોગના પ્રત્યેક પ્રવર્તનમાં-વિવેક ને વિશુદ્ધિ, નિર્લેપતા ને જાગૃતિ જાળવી રાખવા પળે પળે પ્રેરી રહ્યા છે, નિત્ય-નૈમિત્તિક કર્તવ્યો અને જીવન- વ્યવહારોની વચ્ચેથી 'સ્વરૂપમાં સાંધી રાખતા પડઘા સતત પાડી રહ્યા છે-

"વિદ્ધિ વિદ્ધિ સ્વતત્ત્વમ...."

"પશ્ય પશ્ય સ્વરૂપમ્....."

"જેણે આત્માને જાણ્યો તેણે સર્વને જાણ્યું....!"

**પ્રા.પ્રતાપકુમાર ટોલિયા**

૧૨,કૅમ્બ્રિજ રોડ, અલ્સૂર,
બેંગ્લોર-૫૬૦૦૦૮
(લેખન દિનાંક ૩,૪,૫,૬,૭ નવેમ્બર, ૧૯૬૯.)

## 'દક્ષિણાપથની સાધનાયાત્રા'ની પ્રથમ પ્રકાશિત હિન્દી આવૃત્તિનાં અવલોકનો

**દક્ષિણાપથની સાધના-યાત્રા :** લેખક-પ્રા. પ્રતાપકુમાર ટોલિયા, પ્રકાશક-વર્ધમાન ભારતી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, ૧૨, કેમ્બ્રિજ રોડ, બેંગ્લોર.

શ્રીમદ્ રાજચંદ્રજીએ મહાત્મા ગાંધીજીને પાંચ અણુવ્રત આપ્યા હતા અને એ પછી ગાંધીજીનાં માતાએ એમને વિદેશ જવાની અનુમતિ આપી હતી. આ પછી પણ ગાંધીજી જ્યારે આફ્રિકામાં હતા ત્યારે પણ શ્રીમદ્ રાજચંદ્રજી સાથેનો તેમનો સંપર્ક સતત ચાલુ જ હતો. શ્રીમદ્ રાજચંદ્રજીની સાધના અનુપમ હતી તથા તેમનું વ્યકિતત્વ પણ અસાધારણ હતું એમાં તો શંકાને સ્થાન જ ન હોઈ શકે. તેથી જ તો ગાંધીજી જેવા સાધક સત્યાગ્રહી ઉપર એ પ્રભાવ પાડી શકયા હતા. અને પ્રભાવ પણ એવો કે જેના દ્વારા ગાંધીજી વિશ્વમાં સત્ય અને અહિંસાના મહાન સાધકના રૂપમાં અવિસ્મરણીય રહેશે.

પ્રા.પ્રતાપકુમાર ટોલિયા સાથે અમારી મુલાકાત લગભગ ૧૦ વર્ષ પહેલાં રાજગૃહીમાં થઈ હતી અને તેઓ મારી સાથે બે દિવસ રહ્યા પણ હતા. સંગીતના માધ્યમ દ્વારા એમણે સાધનાનો જે માર્ગ પસંદ કર્યો છે અને ધ્યાનાદિ ગંભીર વિષયો પર તેઓ જે રીતે સામાન્ય લોકોની વચ્ચે બેસીને પ્રભાવશાળી રીતે પથપ્રદર્શન કરાવે છે, તે રાજગૃહીમાં મેં સ્વયં જોયું છે. તેઓ પોતે પણ સવારસાંજ નિયમિત રીતે ધ્યાન કરે છે. એ સમય એમની

મુખાકૃતિ ખરે જ એક યોગી જેવી જ મને લાગી છે. એમાં કોઈ આશ્ચર્યની વાત નથી કે તેમની ઉપર પણ શ્રીમદ્ રાજચંદ્રના આશ્રમ તેમ જ તેમના ઉપદેશોનો પર્યાપ્ત પ્રભાવ પડયો છે અને તેઓ શ્રીમદ્ રાજચંદ્રજીના ઉપદેશોનો ટેપ તથા ગ્રામોફોન રેકર્ડો દ્વારા-સુંદર પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે. એમની લખેલી લઘુ પુસ્તિકા-'દક્ષિણાપથની સાધનાયાત્રા' ૧૪ વર્ષ પહેલાંના હંપી સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના પ્રથમ દર્શન પછી ગુજરાતીભાષામાં લખાયેલી હતી, હવે તેનો હિન્દી અનુવાદ તેમની સુયોગ્ય સુપુત્રી કુમારી પારુલે અત્યંત પરિશ્રમપૂર્વક અને સુંદર રીતે કર્યો છે. આ લઘુ પુસ્તિકા દ્વારા શ્રીમદ્ રાજચંદ્રજીનો ઉપદેશ તથા તેમનો પ્રભાવ સ્પષ્ટરૂપે દષ્ટિગોચર થાય છે. અને સાધકના હૃદયપટ પર શ્રીમદ્ રાજચંદ્રજીનો નિમ્ન મૂલમંત્ર અંકિત થઈ જાય છેઃ-

"જેણે આત્માને જાણ્યો તેણે સર્વને જાણ્યું."

"જે એગં જાણઈ, સે સવ્વં જાણઈ."

હું પ્રો. પ્રતાપકુમાર ટોલિયાને અને તેમની સુયોગ્ય પુત્રી કુમારી પારુલને આ પ્રતિને માટે ધન્યવાદ આપું છું.

- **શ્રી સુબોધકુમાર જૈન**, દેવાશ્રમ, આરા(બિહાર).
સંપાદક,'શ્રી જૈન સિદ્ધાન્ત ભાસ્કર'
THE JAINA ANTIQUARY (Vol. 38, No.2, Dec, 1985)

(૨) પ્રસ્તુત કૃતિ હંપી (કર્ણાટક) સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અને સાધકસંત શ્રી. ભદ્રમુનિજીની સાધનાનું ઈતિવૃત્ત છે.

- **"સહજ આનન્દ"** (હિન્દી માસિક), દિલ્હી,
(Vol. 3, No. 11, Nov. 1986)

**નોંધ :-** "દક્ષિણાપથની સાધનાયાત્રા"ના હિન્દી સ્વરૂપના ભારત અને વિશ્વભરમાંના ખૂબ જ આવકારભર્યા પ્રતિભાવ પછી, તેની બધી નકલો શીઘ્ર ખલાસ થઈ ગયા પછી અને આવી અનેક ચિરંતન કૃતિઓના સંપાદન તેમજ મૌલિક આલેખન પછી, જણાવતાં અત્યંત દુઃખ થાય છે કે આ કૃતિને આવું, સર્વગ્રાહ્ય ચિરંતન સ્વરૂપ આપનાર અમારી સ્વનામધન્યા જયેષ્ઠા સુપુત્રી કુ.પારૂલનું ૧૯૮૮માં એક સામાન્ય માર્ગ ઓળંગવાના બસ અકસ્માતમાં અસમય જ દેહાવસાન થયું છે.

(હિન્દી પરથી ગુજરાતી : શ્રીમતી સુમિત્રા પ્ર. ટોલિયા)

# આત્મદ્રષ્ટા માતાજી

વર્તમાન પ્રસિદ્ધિ-યુગનું એક અતિગુપ્ત, આત્મજ્ઞાન-પ્રાપ્ત, અદ્ભુત વ્યક્તિત્વઃ શ્રીમદ્ રાજચન્દ્ર આશ્રમ, હંપી, કર્ણાટકના.

**પૂજય માતાજી - એક પરિચય**

- કુ.પારુલ ટોલિયા

ચોતરફ વ્યાપ્ત રાત્રીનો ઘન અંધકાર ! સર્વત્ર છવાયેલી શાંતિ : નીરવ, સુખમય શાંતિ ! આ અંધકારમાં પ્રકાશ ફેલાવતા તારા અને ચન્દ્ર આકાશમાં સ્મિત વરસાવતા પ્રકાશી રહ્યા છે. સર્વત્ર નજર નાખતા દૂર ઊભેલા પર્વતો અને કયાંક કયાંક નાના-મોટા શિલાખંડો દેખાય છે.

આપણા સામાન્ય જગતથી તદ્દન ભિન્ન એવી આ એક દુનિયા છે. એવી દુનિયા કે જ્યાં પગ મૂકતાં જ મનમાં એક પ્રકારની અપૂર્વ શાંતિનો અનુભવ થાય છે; એવી દુનિયા કે જ્યાં પહોંચતાં આપણે આપણી દુનિયાને ભૂલી જઈએ છીએ કે જ્યાં આ દુનિયાના વિલાસ, વિટંબણાઓ, ઘમંડ, ક્રોધ, મોહ, માયા, લોભ પહોંચી નથી શકતા. જો અહીં આવવાની સાચે જ ઈચ્છા હોય તો આ બધા વિભાવોને ઘેર જ મૂકીને આવવું પડશે, કારણ કે તમે અહીં આવો છો તમારા વ્યથિત, નિરુદ્દેશ્ય ભટકતા આત્માને શાંતિ પમાડવા, આ દુર્લભ માનવજીવનનું મૂલ્ય સમજાવવા, પોતાની જાતને શોધવા, અંતરાત્મામાં ડોકિયું કરવા, અંતરાત્માને પ્રાપ્ત કરવા, પોતાના વિષય-કષાયોને પોષવા માટે નહીં.

અનેક મહાપુરુષોની ચરણરજથી પુનિત બનેલ આ સ્થાન છે-યોગભૂમિ હંપી. 'સદ્ભેત્યા સ્તોત્ર'માં ઉલ્લેખાયેલ "**कर्णाटे रत्नकूटे भोटे चं**" વાળી કર્ણાટકમાં સ્થિત રત્નકૂટ-હેમકૂટવાળી પ્રાચીન નગરી, જૈન તીર્થ હંપી-વિજયનગર સામ્રાજ્યનો ભૂલાઈ ગયેલો એ ભૂભાગ કે જ્યાં આ નૂતન જૈન તીર્થ રૂપ આશ્રમ-શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-કુદરતી ગુફાઓમાં વસ્યો છે-શહેરી જીવનની ધમાલ અને વિકૃતિઓથી માઈલો દૂર ! અહીં ટ્રેઇન, મોટર-ગાડી કે બસોનો અવાજ પણ નથી પહોંચતો ! ટેકરી પર સ્થિત આ તીર્થધામની નીચે હર્યાભર્યા ખેતરો, બીજી બાજુ પર્વત અને પર્વતની નીચે ખળખળ વહેતી તીર્થસલિલા તુંગભદ્રા નદી અને ઉપર આશ્રમમાં બંધાયેલું

સુંદર મંદિર કે જેને જોતાંની સાથે જ વ્યક્તિની બુરાઈઓ કોણ જાણે ક્યાં ચાલી જાય છે ! જાણે એ કદી હતી જ નહીં !!

અહીં સહુનું સ્વાગત છે : આપણા સમાજને છિન્ન-ભિન્ન કરતા ઊંચનીચના ભેદને અહીં કોઈ સ્થાન નથી. વીસમા જૈન તીર્થંકર પરમાત્મા મુનિસુવ્રત ભગવાનના તેમ જ મર્યાદા પુરુષોત્તમ શ્રીરામના વિચરણવાળી મનાતી રામાયણકાલીન કિષ્કિન્ધા નગરી અને મધ્યકાલીન વિજયનગર સામ્રાજ્યની આ ભૂમિ ! એમાં તો જાણે આજે પણ યોગીન્દ્ર યુગપ્રધાન શ્રી સહજાનંદઘનજી જેવા મહામાનવની યોગ, જ્ઞાન તેમ જ ભક્તિની ત્રિવેણીથી પાવન ધરા પર ભગવાન અત્યારે સાક્ષાત્ વસે છે. અને એમની ભેદ, રાગ, દ્વેષથી મુક્ત દૃષ્ટિમાં તો બધા ય આત્મા સમાન છે - પછી ભલે એ કોઈ ગરીબનો આત્મા હોય કે અમીરનો; માનવદેહમાં વસેલો હોય કે પશુ-પક્ષી અથવા કીડા-મકોડાના શરીરમાં રહેલો હોય ! અહીં તો સાચી ભાવનાઓનું સ્વાગત છે !

આ આશ્રમનું સંચાલન કરનાર છે - બાહ્યવેશે સીધા-સાદા સામાન્ય દેખાતા, પરંતુ અંદરથી જ્ઞાન, ભક્તિ અને યોગની અમાપ્ય ઊંચાઈ પર પહોંચેલા આત્મજ્ઞા "માતાજી". સહુ એમને આ નામે જ સંબોધે છે. તેઓ માત્ર નામથી જ નહીં, વાસ્તવમાં માતાજી છે. બધાંનાં માતાજી.... મા.....! વાત્સલ્ય અને કરુણાના સાગર સમા માતાજી......!!

ધનદેવીજી નામધારી આ જગત્માતાની કાયા ગુજરાતના કચ્છપ્રદેશની જ છે, પરંતુ આત્મા દેહ હોવા છતાં મહાવિદેહ ક્ષેત્રનો છે. એમને 'જગત્માતા' ના તેમ જ આશ્રમના અધિષ્ઠાત્રીના રૂપમાં સ્થાપિત કર્યા છે જંગલમાં મંગળ રૂપ આ નૂતન જૈન તીર્થધામના સંસ્થાપક મહાયોગી શ્રી સહજાનંદઘન પ્રભુએ- દસ વર્ષ પહેલાં ૧૯૭૦માં યોગ દ્વારા દેહત્યાગ કરતાં પહેલાં. આજે એમના તેજસ્વી, જ્ઞાનપૂત નિર્મળ વદનથી જ આ આખો યે આશ્રમ પ્રકાશિત છે ! માતાજી જગતના રાગાદિ બંધનોથી મુક્ત છતાં નિષ્કારણ છલકાતી કરુણાના, સર્વવાત્સલ્યના સાક્ષાત્ સાગર સમાન છે ! તેઓ મનુષ્યોના જ નહીં, મૂંગા, પીડિત, વેદનાગ્રસ્ત પશુ-પક્ષીઓના પણ "મા" છે ! પ્રત્યેક અતિથિનું, આગંતુક સાધુ-સાધ્વીઓનું જ સ્વાગત તેઓ કરે છે એમ નથી, પ્રત્યેક બાળક અને શ્રાવકથી પણ વિશેષ પશુપક્ષીની જે મમતાપૂર્ણ સેવા તેઓ કરે છે તે અન્યત્ર જોવા નથી મળતું. યોગ, જ્ઞાન અને ભક્તિની આ

અમાપ્ય ઊંચાઈ પર પહોંચેલ આ 'મા' એટલી સહજ સરળતાથી બીજાની સેવામાં-કલ્યાણમાં લાગેલાં રહે છે તે જોઈ આશ્ચર્યમુગ્ધ જ રહી જવાય છે. બાલિકાઓ અને બહેનો માટે તો તેઓ વાત્સલ્ય અને આશ્રયનું એક વિરાટ વટવૃક્ષ જ છે, તો બીજી બાજુ જીવનભર એમની પાસેથી આત્મસાધના માટેની દઢતા પ્રાપ્ત કરતા રહી અંતકાળે માત્ર માણસોને જ નહીં, પશુઓને પણ સમાધિમરણ પમાડવાની ક્ષમતા ધરાવનાર આ 'મા'નું વ્યકિતત્વ વિરલ છે ! અનેક મનુષ્યોએ જ નહીં, ગાય, વાછડા અને કૂતરાઓએ પણ એમની પાવન નિશ્રામાં આત્મસમાધિપૂર્વક દેહ છોડવાનું ધન્ય પુણ્ય પ્રાપ્ત કરી જીવન સાર્થક કર્યુ છે. એવી સર્વજગતારિણી વાત્સલ્યમયી માને માટે શું અને કેટલું લખું ? વર્ણનાતીત્ છે એમનું અદ્‌ભુત, વિરલ, વિલક્ષણ જીવન !

આવી પરમ વિભૂતિ માના ચરણોમાં તેમ જ આવી પાવન તીર્થભૂમિ પર ખુલ્લા આકાશની નીચે બેસીને અનેક ઉચ્ચ વિચાર આવે છે અને સરી જાય છે. અચાનક એક વેદના ઊઠે છે કે આ સ્વર્ગીય દુનિયાને છોડીને વળી પાછા વ્યવહારોની ખોખલી દુનિયામાં પરત જવું પડશે ? મન ઉદાસ થઈ જાય છે. નથી જવું ! કાશ ! (આપણી જ ઇચ્છાઓથી સર્જાયેલી) એ દુનિયા જ ન બની હોત તો ! ! હંપીમા, વાત્સલ્યમયી માના ચરણોમાં જે મમત્વ, જે પ્રેમ મળે છે એ પેલી દુનિયામાં કયાં મળશે ? એ દુનિયાને આ વિભૂતિ વિષે કયાં કંઈ ખબર છે ? છતાં જવાબદારીઓ ખેંચે છે....જવા માટે વિવશ કરે છે. જવા તૈયાર તો થાઉં છું, પણ આ સંકલ્પ સાથે કે...."ફરી અહીં પાછી આવીશ..... થોડા જ દિવસોમાં...."

ગહન રાત્રીમાં આ વિચારો અંતરાત્મા પર છવાઈ જાય છે અને મન-પ્રાણ પર પુનઃ શાંતિ વ્યાપી જાય છે.....

(સ્વ.) **કુ.પારુલ ટોલિયા**
એમ.એ. ૧૨, કેમ્બ્રિજ રોડ,
બેંગલોર-૫૬૦૦૦૮.

**નોંધ:-**

**આ લેખ લખ્યા બાદ ૧૯૮૮માં લેખિકાનો દિવ્યાત્મા આ 'ખોખલી' દુનિયા છોડીને ચાલ્યો ગયો-કદાચ પોતાના સૂક્ષ્મ આત્મરૂપે આ આત્મજ્ઞા માને પગલે ચાલવા !**

# ગુંજ્યા ગુફાના સાદ

અનંતની યાત્રાને મારગ
ગુંજ્યા ગુફાના સાદ :
"આપણો સંગ છે જૂનો-પુરાણો"
રહ્યાં અપાવી યાદ !
અનંતની યાત્રાને મારગ....
સંસરતી સરિતાને ઘાટે,
ધોયાં-શ્રમિત મેં પાદ;
તટ નિકટની શાંત ગુફામાં
શમી રહ્યાં અવસાદ !
અનંતની યાત્રાને મારગ.....
"कोऽहम्? कोऽहम्?" પડઘા પ્રગટ્યા,
રણકયા મધુર નિનાદ;
'આહત'માંથી 'અનાહત' કેરા
ગુંજી ઊઠયા છે નાદ !
અનંતની યાત્રાને મારગ.....
હદ વીંધીને અનહદ જાવા,
આતુર મારી પાંખ;
ગુફાનાં ગુંજન ભરી રહ્યાં મુજ,
'સંગત'માં સંવાદ....
અનંતની યાત્રાને મારગ....
(પ્રથમ ગુફા પ્રવેશે, તુંગભદ્રા તટે, અસંગગુફા, રત્નકૂટ પહાડ, હંપી, ૧૯૬૯)

★

## અહિંસા, અનેકાન્ત ને આત્મવિજ્ઞાનનો પ્રસાર કરતી સંસ્થા વર્ધમાન ભારતી : એનાં કેટલાંક પ્રકાશનો

બેંગ્લોરમાં ૧૯૭૧માં સ્થપાયેલ 'વર્ધમાન ભારતી' સંસ્થા આધ્યાત્મિકતા, ધ્યાન, સંગીત અને જ્ઞાનને વરેલી સંસ્થા છે. મુખ્યત્વે તે

જૈનદર્શનનો પ્રસાર કરવાની નેમ રાખે છે પણ સર્વસામાન્ય રૂપે આપણા સમાજમાં ઉચ્ચ જીવનમૂલ્યો, સદાચાર અને ચારિત્ર્યગુણોનો ઉત્કર્ષ થાય અને સુસંવાદી જીવનરીતિ તરફ લોકો વળે એ હેતુ રહેલો છે. એને માટે તેમણે સંગીતના માધ્યમનો ઉપયોગ કર્યો છે. ધ્યાન અને સંગીત દ્વારા જૈન ધર્મગ્રંથોની વાચનાને તેમણે શુદ્ધ રૂપે કેસેટોમાં મઢી લીધી છે. આધ્યાત્મિક ભક્તિસંગીતને તેમણે ઘેરઘેર ગુંજતું કર્યું છે. આ પ્રવૃત્તિના પ્રણેતા છે પ્રો. પ્રતાપ ટોલિયા. પ્રો. ટોલિયાએ હિંદી સાહિત્યના અધ્યાપક અને આચાર્ય તરીકે કાર્ય કર્યા બાદ બેંગ્લોરમાં પલાંઠી વાળીને બેઠા છે અને આ કાર્ય વ્યવસ્થિત રીતે મોટા પાયા ઉપર કામ કરી રહ્યા છે. એમની પ્રેરણા-મૂર્તિઓમાં પંડિત સુખલાલજી, ગાંધીજી, વિનોબા જેવી વિભૂતિઓ રહેલી છે. ધ્યાનાત્મક સંગીત દ્વારા એટલે કે ધ્યાનને સંગીત સાથે સંયોજીને તેમણે ધર્મનાં સનાતન તત્ત્વોને લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો. શ્રી પ્રતાપભાઈ શ્રીમદ્ રાજચન્દ્રથી પણ પ્રભાવિત થયેલા. શ્રીમદ્ રાજચન્દ્રનાં 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' વગેરે પુસ્તકો પણ તેમણે સુંદર પઠન રૂપે કૅસેટોમાં રજૂ કર્યાં. જૈનધર્મદર્શન કેન્દ્રમાં હોવા છતાં અન્ય દર્શનો પ્રત્યે પણ આદરભાવ હોવાને કારણે પ્રો. ટોલિયાએ ગીતા, રામાયણ, કઠોપનિષદ અને ખાસ તો ઈશોપનિષદના અંશો પણ પ્રસ્તુત કર્યા. ૧૯૭૯માં એ વખતના મુખ્ય પ્રધાન શ્રી મોરારજી દેસાઈએ એનું વિમોચન કરેલું. પ્રો. ટોલિયા વિવિધ ધ્યાન શિબિરોનું આયોજન પણ કરે છે

પ્રો. ટોલિયાએ કેટલાંક પુસ્તકો પણ પ્રકાશિત કર્યાં છે. શ્રીમદ્ રાજચન્દ્ર આશ્રમ, હંપીના પ્રથમ દર્શનનો આલેખ આપતું 'દક્ષિણાપથકી સાધનાયાત્રા' હિંદીમાં પ્રકાશિત થયું છે. 'મેડિટેશન એન્ડ જૈનિઝમ', 'અનન્ત કી અનુગૂંજ' કાવ્યો, 'જબ મૂર્દે ભી જાગતે હૈ' (હિંદી નાટક) વ. જાણીતાં છે. તેમનાં પુસ્તકોને સરકારનાં ઇનામો પણ મળ્યાં છે. 'મહા સૈનિક' એ તેમનું એક અભિનેય નાટક છે. આ નાટક અહિંસા, ગાંધીજી અને શ્રીમદ્ રાજચન્દ્રના સિદ્ધાંતો રજૂ કરે છે. કાકા સાહેબ કાલેલકરને હસ્તે તેમને આ નાટક માટે પારિતોષિક પણ મળેલું આ નાટકનું અંગ્રેજી રૂપાંતર પણ પ્રગટ થયું છે. 'પરમગુરુ પ્રવચન'માં શ્રી સહજાનંદઘનની આત્માનુભૂતિ રજૂ કરવામાં આવી છે

પ્રો. ટોલિયાનું સમગ્ર કુટુંબ આ કાર્ય પાછળ લાગેલું છે અને મિશનરીના

ઉત્સાહથી કામ કરે છે. એમની સુપુત્રીએ Why Vegetarianism ? એ પુસ્તિકા પ્રગટ કરી છે. બહેન વંદના ટોલિયાએ લખેલી આ પુસ્તિકામાં વૈજ્ઞાનિક પદ્ધતિએ શાકાહારનું મહત્ત્વ સમજાવ્યું છે. એમનું લક્ષ્ય શાકાહારના મહત્ત્વ દ્વારા અહિંસાનું મૂલ્ય સમજાવવાનું છે. સમાજમાં દિન-પ્રતિદિન પ્રસરતી હિંસાવૃત્તિને ડામવા માટે કયા ઉપાયો લેવા જોઈએ એનું વિવરણ પણ આ પુસ્તિકામાં મળે છે. તેમની બીજી પુત્રી પારુલ વિશે પ્રગટ થયેલ 'Profiles of Parul' પુસ્તક જોવા જેવું છે. પ્રો. ટોલિયાની આ પ્રતિભાશાળી પુત્રી પારુલનો જન્મ ૩૧ ડિસેમ્બર ૧૯૬૧ના રોજ અમરેલીમાં થયો હતો. પારુલનું શૈશવ, એની વિવિધ બુદ્ધિશક્તિઓનો વિકાસ, કલા અને ધર્મ પ્રત્યેની અભિમુખતા, સંગીત અને પત્રકારત્વ ક્ષેત્રે એની સિદ્ધિઓ વ.નો આલેખ આ પુસ્તકમાં મળે છે. પારુલ એક ઉચ્ચ આત્મા રૂપે સર્વત્ર સુગંધ પ્રસારી ગઈ. ૨૮ ઑગસ્ટ ૧૯૮૮ના રોજ બેંગ્લોરમાં રસ્તો ઓળંગતાં સર્જાયેલા અકસ્માતમાં એનું અકાળ કરુણ અવસાન થયું, પુસ્તકમાં એના જીવનની તવારીખ અને અંજલિ લેખો આપવામાં આવ્યાં છે. એમાં પંડિત રવિશંકરની અને શ્રી કાન્તિલાલ પરીખની 'Parul - A Serene Soul' સ્વર્ગસ્થની કલા અને ધર્મનાં ક્ષેત્રોમાંની સંપ્રાપ્તિઓનો સુંદર આલેખ આપે છે. પારુલ આજુબાજુની સમગ્ર સૃષ્ટિને સાત્ત્વિક સ્નેહના આશ્લેષમાં બાંધી લેતી. માત્ર મનુષ્યો પ્રત્યે જ નહિ પણ પશુ-પંખી સમેત સમગ્ર સૃષ્ટિ પ્રત્યે એનો સમભાવ અને પ્રેમ વિસ્તર્યા હતા. એનો ચેતોવિસ્તાર વિરલ કહેવાય. સમગ્ર પુસ્તકમાંથી પારુલના આત્માની જે છબિ ઊપસે છે તે આદર જન્માવે એવી છે કાળની ગતિ એવી કે આ ફૂલ પૂર્ણ રૂપે ખીલતું જતું હતું ત્યાં જ એ મૂરઝાયું ! પુસ્તકમાં આપેલી છબિઓ એક વ્યક્તિનાં ૨૭ વર્ષના આયુષ્યને અને એની પ્રગતિને આબેહૂબ ખડી કરે છે. પુસ્તિકાના વાચન પછી વાચકની આંખ પણ ભીની થાય છે. પ્રભુ આ ઉદાત્ત આત્માને ચિર શાંતિ અર્પો !

'વર્ધમાન ભારતી' ગુજરાતથી દૂર રહ્યાં રહ્યાં પણ સંસ્કાર પ્રસારનું જ કાર્ય કરે છે એ સમાજોપયોગી અને લોકોપકારક હોઈ અભિનંદનીય છે.

**- ડૉ. રમણલાલ જોશી**
(તંત્રી, 'ઉદ્દેશ')

'ત્રિવેણી'
લોકસત્તા-જનસત્તા,
અમદાવાદ. ૨૨-૩-૧૯૯૨

# વર્ધમાન ભારતી ઈન્ટરનૅશનલ ફાઉન્ડેશનનાં
# મહત્ત્વનાં પ્રકાશનો

## 'પ્રિયવાદિની' સ્વ. કુ. પારુલ ટોલિયા દ્વારા લિખિત - સંપાદિત - અનુવાદિત

૧. दक्षिणापथ की साधनायात्रा (હિન્દી) : પ્રકાશિત (પ્રથમાવૃત્તિ પૂરી)
૨. महावीर दर्शन (હિન્દી) Mahavir Darshan (Eng.) : પ્રકાશ્ય .
૩. विदेशों में जैन धर्म प्रभावना (હિન્દી) Jainism Abroad (Eng.) મુદ્રણાધીન
૪. Why Abattoirs - Abolition ? (Eng.) : પ્રકાશ્ય
૫. Contribution of Jaina Art, Music & Literature to Indian Culture : પ્રકાશ્ય
૬. Musicians of India - I Came Across : Pt. Ravishankar, others : પ્રકાશ્ય.
૭. Indian Music & Media (Eng.) : પ્રકાશ્ય.

## પ્રા. પ્રતાપકુમાર ટોલિયા દ્વારા લિખિત, સંપાદિત, અનુવાદિત

૮. श्री आत्मसिद्धिशास्त्र एवं अपूर्व अवसर (हिन्दी अनुवादसह) પ્રકાશિત.
૯. अनंत की अनुगूँज (हिन्दी) : (प्रथमावृत्ति पूर्ण) પુરસ્કૃત
૧૦. દક્ષિણાપથની સાધનાયાત્રા (ગુજરાતી) : પ્રકાશિત.
૧૧. महासैनिक (म. गांधीजी एवं श्रीमद् राजचन्द्रजी विषयक) પ્રકાશ્ય : પુરસ્કૃત.
૧૨. Could there be such a warrior ? (") અંગ્રેજી : પ્રકાશ્ય.
૧૩. વિદેશોમાં જૈનધર્મ પ્રભાવના (ગુજરાતી) : પ્રકાશ્ય.
૧૪. પ્રજ્ઞાચક્ષુનું દૃષ્ટિપ્રદાન : પં. સુખલાલજીનાં સંસ્મરણો (ગુજરાતી) : પ્રકાશ્ય.
૧૫. સ્થિતપ્રજ્ઞની સંગાથે : આચાર્ય વિનોબાજીનાં સંસ્મરણો (") : પ્રકાશ્ય.
૧૬. ગુરુદેવ સંગે : ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર વિષે ગુરુદયાલ મલ્લિકજી : "
૧૭. गुरुदेव के साथ (हिन्दी) " " "
૧૮. "પ્રગટી ભૂમિદાનની ગંગા" અને "વિશ્વમાનવ" (રેડિયોરૂપકો) ગુજરાતી : પ્રકાશ્ય.
૧૯. जब मुर्दे भी जागते हैं। પુરસ્કૃત, અભિનીત હિન્દી નાટક : પ્રકાશ્ય.
૨૦. સંતશિષ્યની જીવનસરિતા (ગુજરાતી) : પ્રકાશિત - અન્યો દ્વારા
૨૧. कर्नाटक के साहित्य को जैन प्रदान (हिन्दी) : પ્રકાશ્ય.
૨૨. Jain Contribution to Kannada Literature & Culture : પ્રકાશ્ય.
૨૩. Meditation & Jainism (અંગ્રેજી) : પ્રકાશિત : પ્રથમાવૃત્તિ પૂરી.
૨૪. Speeches & Talks in U.S.A. & U.K. (અંગ્રેજી/ગુજરાતી) પ્રકાશ્ય.
૨૫. Profiles of Parul (અંગ્રેજી) : પ્રકાશિત.
૨૬. Bhakti Movement in the North (અંગ્રેજી) પ્રકાશ્ય.

૨૭. Saints of Gujarat (અંગ્રેજી) પ્રકાશ્ય.
૨૮. Jainism in Present Age (અંગ્રેજી) પ્રકાશ્ય.
૨૯. My Mystic Master Y.Y. Sri Sahajanandghanji : પ્રકાશ્ય.
૩૦. Holy Mother of Hampi : આત્મજ્ઞા માતાજી : (અંગ્રેજી-ગુજ-હિન્દી) પ્રકાશ્ય.
૩૧. સાધનાયાત્રાનો સંધાનપંથ (દક્ષિણાપથની સાધનાયાત્રા-૨) : ગુજરાતી : પ્રકાશ્ય.
૩૨. દાંડીપથને પગલે પગલે (ગાંધી-શતાબ્દી દાંડીયાત્રાનુભવો) : ગુજરાતી : પ્રકાશ્ય.
૩૩. विद्रोहिनी (નાટિકા) હિન્દી : પ્રકાશ્ય.
૩૪. रविरेखा (નાટિકા) "
૩૫. અમરેલીથી અમેરિકા સુધી (જીવનયાત્રા) ગુજરાતી/હિન્દી/અંગ્રેજી : પ્રકાશ્ય.
૩૬. પાવપુરીની પાવન ધરતી પરથી (આર્ષ-દર્શન) : ગુજરાતી/હિન્દી : પ્રકાશ્ય.
૩૭. मेरे मानसलोक के महावीर : હિન્દી : પ્રકાશ્ય.
૩૮. विद्रोह-व्यंग्य (કાવ્યો) : હિન્દી : પ્રકાશ્ય.
૩૯: Popular Poems of Prof. Toliya (કાવ્ય) અંગ્રેજી/ગુજરાતી : પ્રકાશ્ય
૪૦. Silence Speaks (કાવ્યો ) : અંગ્રેજી : પ્રકાશ્ય.
૪૧. गीत निशान्त (કાવ્ય-ગીતો) : હિન્દી : પ્રકાશ્ય.
૪૨. કીર્તિ-સ્મૃતિ : પારુલ-સ્મૃતિ (દિવંગત અનુજ ને આત્મજાનાં સ્મરણો) : પ્રકાશ્ય
૪૩. "ઍવોર્ડ" (વાર્તાસંગ્રહ) : ગુજરાતી : પ્રકાશ્ય (વર્તમાનપત્ર પ્રકાશિત)
૪૪. Bribe Master, Public School Master & Other Stories (વાર્તાસંગ્રહ) અંગ્રેજી : પ્રકાશ્ય.
૪૫. વેદનસંવેદન (કાવ્યો) : ગુજરાતી : પ્રકાશ્ય.
૪૬. पराशब्द (निबंधो) : હિન્દી : પ્રકાશ્ય.
૪૭. उपेक्षित (नवलकथा) : હિન્દી : પ્રકાશ્ય.
૪૮. दीवारें बोलती हैं - (नाटक) હિન્દી : પ્રકાશ્ય.
૪૯. दीवारों के पार (नाटक) હિન્દી : પ્રકાશ્ય.
૫૦. "कटती गायें, जलती कन्याएँ.." (વિદ્રોહ લેખો) : હિન્દી : પ્રકાશ્ય.
૫૧. અંતર્દર્શીની આંગળીએ.... (સ્મરણકથા) : ગુજરાતી : પ્રકાશ્ય.
ડૉ. વંદના પ્ર. ટોલિયા, ઍન. ડી. (નૅચરોપૅથ, I.N.Y.S. જિંદાલ, બૅંગ્લોર,) લિખિત
૫૨. "Why Vegetarianism ?' : અંગ્રેજી : પ્રકાશિત.

**આમંત્રણ :**

**'પ્રકાશિત' પુસ્તકો (મર્યાદિત સંખ્યામાં જ શેષ) બૅંગ્લોરથી ઉપલબ્ધ. 'પ્રકાશ્ય' પુસ્તકોની કૉપીરાઇટ હસ્તપ્રતો પ્રાયઃ તૈયાર. પ્રકાશક-પ્રતિષ્ઠાનો, સંઘસંસ્થાનો, અર્થપ્રદાતાઓનો પત્રવ્યવહાર આવકાર્ય છે.**

**વર્ધમાન ભારતી ઇન્ટરનૅશનલ ફાઉન્ડૅશન,**
**૧૨, કેમ્બ્રિજ રોડ, બૅંગ્લોર-૫૬૦ ૦૦૮.**

## યોગીન્દ્ર યુગપ્રધાન શ્રી સહજાનંદઘનજીની સ્વચંની આત્માનુભૂત વાણીમાં અભૂતપૂર્વ 'પરમગુરુ પ્રવચન' ક્રમિક કૅસેટ માલા.....

| ક્રમ | વિષય-શીર્ષક | ભાષા | અવધિ |
|---|---|---|---|
| ૧ | શ્રી.કલ્પસૂત્ર-૧ : પર્યુષણની પરિભાષા | હિન્દી | ૯૦ મિ. |
| ૨ | શ્રી.કલ્પસૂત્ર-૨ : ઉપાદાન-નિમિત્ત | " | " |
| ૩ | શ્રી.કલ્પસૂત્ર-૩ : દસ કલ્પ, આચાર | " | " |
| ૪ | શ્રી.કલ્પસૂત્ર-૪ : "દર્શન વિશુદ્ધિ" | " | " |
| ૫ | શ્રી.કલ્પસૂત્ર-૫ : "નવકાર" આત્મતત્ત્વ | " | " |
| ૬ | શ્રી.કલ્પસૂત્ર-૬ : દ્રવ્યક ભાવપૂજા | " | " |
| | આત્માવલોકન, ૧ કર્તવ્ય | " | " |
| ૭ | શ્રી.કલ્પસૂત્ર-૭ : કલ્પ૦ચરિત્રારંભ અષ્ટમતપ | " | " |
| ૮ | શ્રી.કલ્પસૂત્ર-૮ : તીર્થંકરો, ૨૭ પૂર્વભવો, અંગલક્ષણ | " | " |
| ૯ | શ્રી.કલ્પસૂત્ર-૯ : ૧૦ આચાર, મહાવીર જન્મ | " | " |
| ૧૦ | શ્રી.કલ્પસૂત્ર-૧૦ : બાલક્રીડા, સંગમ, દીક્ષા | " | " |
| ૧૧ | શ્રી.કલ્પસૂત્ર-૧૧ : મહાવીર+પાર્શ્વનાથ ચરિત્ર | " | " |
| ૧૨ | શ્રી.કલ્પસૂત્ર-૧૨ : અન્યજિન+કેવલી | " | " |
| ૧૩ | શ્રી.કલ્પસૂત્ર-૧૩ : સ્થવિરાવલી સંપૂર્ણ | " | " |
| ૧૪ | દશલક્ષણ- ૧ : ભૂમિકા : ભાદ્ર.શુ.૫. | " | " |
| ૧૫ | " - ૨ : પરિગ્રહ પ્રેમ | " | ૬૦ મિ. |
| ૧૬ | " - ૩ : ૪ કષાય, વિનયગુણ | " | " |
| ૧૭ | " - ૪ : લોભ, પરિગ્રહ, ધર્મ | " | ૯૦ મિ. |
| ૧૮ | " - ૫ : અપ્રમાદ, સત્ય, સંયમ | " | " |
| ૧૯ | " - ૬ : ક્ષમાગુણ | " | " |
| ૨૦ | " - ૭ : સમાપન, સ્તવન | " | |
| ૨૧ | " - ૮: ભાદ્ર.શુ.૧૦ (એકબાજુ) (શ્રીમદ્ રાજ. શતાબ્દી) | " | " |
| ૨૨ | શ્રીમદ્ રાજચંદ્ર શતાબ્દી-(શેષ)૨ | " | " |
| ૨૩ | નિયમસાર, ક્ષમાપના | " | " |
| ૨૪ | આત્મસાક્ષાત્કારનો અનુભવક્રમ (સાધનાપ્રયોગ) | " | " |
| | -૧ જયપુર | " | " |
| ૨૫ | " " " - ૨" | " | " |
| ૨૬ | " " " - ૩" | " | " |

| ક્રમ | વિષય-શીર્ષક | ભાષા | અવધિ |
|---|---|---|---|
| ૨૭ | " " " -૪ " | " | " |
| ૨૮ | " " " - ૫ " | " | " |
| ૨૯ | ધર્મસમન્વય - ૧ (જયપુર) | " | " |
| 30 | " " - ૨ ( " ) | " | " |
| ૩૧ | પરમગુરુપ્રવચન-૧ : પાંચ-સમવાય | ગુજરાતી | ૬૦ મિ. |
| ૩૨ | " " - ૨ : સત્પુરુષાર્થ | હિન્દી | " |
| ૩૩ | " " - ૩ : સાકાર-નિરાકાર | હિન્દી | ૯૦ મિ. |
| ૩૪ | " " -૪ : આધ્યાત્મિકતા | હિન્દી | ૯૦ મિ. |
| ૩૫ | " " -૫ : આત્મસાધના | હિન્દી | ૬૦ મિ. |
| ૩૬ | " " - ૬ : આત્મા પરમચરણે | ગુજરાતી | " |
| ૩૭ | " " - ૭ : શ્રીમદ્જી જ્ઞાનદશા | હિન્દી | ૯૦ મિ. |
| ૩૮ | " " - ૮ : આત્મપકડ | હિન્દી | ૬૦ મિ. |
| ૩૯ | " " - ૯ : આત્માનુભવક્રમ | ગુજરાતી | ૯૦ મિ. |
| ૪૦ | " " - ૧૦ : માયિક સુખત્યાગ | હિન્દી | " |
| ૪૧ | " " - ૧૧ : અહિંસાચર્ચા, પદ | હિન્દી | " |
| ૪૨ | " " - ૧૨ : સુખદુ:ખકારણ | ગુજરાતી | ૯૦ મિ. |
| ૪૩ | " " - ૧૩ : સાધનાવશ્યક ગુણો | " | " |
| ૪૪ | " " - ૧૪ : "હું કોણ છું ?" | " | " |
| ૪૫ | " " - ૧૫ : સમાધિમરણકી કલા | હિન્દી | " |
| ૪૬ | " " - ૧૬ : અધ્યાસ, આત્મસ્મરણ | હિન્દી | " |
| ૪૭ | નવકાર મહિમા(કલ્પપ્રવચન સંક્ષેપમાં) | " | ૯૦/૬૦ મિ. |
| ૪૮ | પ્રભુ-પદ(સ્વયંસ્વર) | " | ૯૦ મિ. |
| ૪૯ | સહજાનંદપદ(સ્વયંસ્વર, પ્રવચનસહ) | " | ૬૦ મિ. |
| ૫૦ | સહજાનંદસુધા(પ્ર.+ સુ.+કિ. ટોલિયા) | ગુજરાતી | " |
| ૫૧ | માતૃ-વાણી-૧ (તત્ત્વવિજ્ઞાન સ્વાધ્યાય) | " | " |
| ૫૨ | " "-૨ (") | " | " |

(પૂ.માતાજી ધનદેવીજીના સ્વયં સ્વરમાં)
(હજુ અનેક વધુ નિર્માણ, સંપાદન હેઠળ)

**મૂલતઃ** સાદા રેકર્ડરોનાં કાચાં સાધનો પર રેકર્ડિંગ થયેલી આ બહુમૂલ્ય વિષયોની કેસેટો શકય તેટલી શુદ્ધ કરાવાઈ ગુણવત્તા સુધારાઈ છે, છતાં કેટલીક ક્ષમ્ય ગણવા વિ.

**મૂલ રેકર્ડિંગઃ સર્વશ્રી નવીનભાઈ ઝવેરી, સ્વ.ચંદુભાઈ ટોલિયા.**
**સંપાદન : પ્રા.પ્રતાપકુમાર ટોલિયા, શ્રીમતી સુમિત્રા ટોલિયા.**

**પ્રકાશન પ્રાપ્તિઃ** શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, હંપી-૫૮૩૨૩૯(કર્ણાટક)
અને **વર્ધમાન ભારતી ઈન્ટ. ફાઉન્ડેશન,**
૧૨, કેમ્બ્રિજ રોડ, બેંગલોર-૮.

## પરમગુરુ અનુગ્રહથી
## વર્ધમાન ભારતી ઈન્ટરનૅશનલ ફાઉન્ડેશન દ્વારા નિર્મિત
## પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને વૃંદની વિશ્વવિશ્રુત કૅસેટ-રેકર્ડો

(૧) શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર (૨) અપૂર્વ અવસર (૩) રાજભક્તિપદ (૪) રાજપદ (૫) શ્રી ભક્તામર સ્તોત્ર (૬) શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર (૭) મહાયોગી આનંદઘન કે પદ (૮) રત્નત્રય વ્રતકથા (૯) સોનાગિર કી યાત્રા+દશ લક્ષણ વ્રતકથા (૧૦) મહાવીર દર્શન (૧૧) વીરવંદના (૧૨) ઈશાવાસ્ય ઉપનિષદ (૧૩) ૐ તત્ સત્ (૧૪) અનંત કી અનુગૂંજ (૧૫) આનંદઘનપદ (ઈ.પી.) (૧૬) જયજિનરાજ અને દાદાગુરુ આરતી (૧૭) જિનેશ્વર આરતી (૧૮) નવકાર અને ગુરુદેવ આરતી (૧૯) મહામંત્ર નવકાર (૨૦) શુભ માંગલિક : મંગલાષ્ટક (૨૧) આસરા અને મોંઘી જીંદગી (૨૨) વિવિધ હિન્દુ ભજન (આ સર્વે ગ્રામોફોન રેકર્ડો અને કૅસેટો) **અન્ય મહત્ત્વપૂર્ણ કૅસેટો :** (૨૩) આત્મખોજ (૨૪) ધૂન ઔર ધ્યાન (૨૫) ધ્યાન-સંગીત : Music for Meditation (૨૬) અહિંસાગાન (૨૭) બ્રહ્મગુલાલ મુનિકથા (૨૮) બાર ભાવના, પરમાનંદ સ્તોત્ર (૨૯) બૃહત્શાંતિ- ગ્રહશાંતિ (૩૦) છહ ઢાળા (૩૧) દાદાગુરુ દર્શન (૩૨) દિવાકર દર્શન (૩૩) ગ્રામ્યજીવન-ગુજરાતી લોકગીતો (૩૪) ગીત ગઝલ (૩૫) ગીત કવિત્ત (૩૬) જિનવંદના (૩૭) જિનેન્દ્ર દર્શન (૩૮) જૈન રાસ ગરબા (૩૯) જૈન ભજન (૪૦) Jainism ~~aboard~~ (૪૧) જૈન સુપ્રભાતમ્ (૪૨) કર્ણાટક દર્શન (૪૩) કન્નડ લોકગીતો (૪૪) કન્નડ જૈન ભક્તિપદો (૪૫) કહત કબીરા (૪૬) કલ્પસૂત્ર-સેટ : ૧૦/૧૩ ગુજરાતી/હિન્દી (૪૭) મીરા કે ભક્તિપદ (૪૮) મહાપ્રભાવિક નવસ્મરણ : ૧-૨ (૪૯) Musical Performance in U.S.A. સેટ ૫ કૅસેટ (૫૦) મેરી ભાવના - અનુભવવાણી (૫૧) પ્રભાત મંગલ (૫૨) પ્રજ્ઞાવાણી (પં. સુખલાલજી) (૫૩) પ્રાર્થના મંદિર (૫૪) રાજુલ-ચંદનબાળા (૫૫) રત્નાકર પચીસી : હિન્દી/ગુજ. (૫૬) રત્નાકરન હાડુગળુ : કન્નડ (૫૭) બાહુબલી સ્તુતિ : કન્નડ/હિન્દી (૫૮) રામાયણ (સં.), રામરક્ષા સ્તોત્ર (૫૯) સ્થિતપ્રજ્ઞ-ગીતા (૬૦) શિશુગાન (૬૧) સ્પંદન-સંવેદન (૬૨) સુમેરુ વંદના (૬૩) સ્તવનિકા (૬૪) સહજાનંદ સુધા (૬૫) સ્થાનકવાસી શ્રાવક પ્રતિક્રમણ (૬૬) દેરાવાસી દેવસી/રાઈ/પાખી પ્રતિક્રમણ (૬૭) ઋષિમંડલ સ્તોત્ર (૬૮) રાસ ગરબા-નૂતન પુરાતન (૬૯) રમઝટ રાસ ગરબાની (૭૦) રવીન્દ્ર ગીતિકા (૭૧) ચાંદ કી કવિતાએં (૭૨) વીરોં કી બાટ (૭૩) વિવિધ ભજન (૭૪) Speeches in U.S.A. (૭૫) Why Vegetarianism ? અને અન્ય અનેક. સર્વે બેંગ્લોરથી જ ઉપલબ્ધ. થોડી મુંબઈ, અમદાવાદ, મદ્રાસ, કલકત્તા અને વિદેશોમાં અમેરિકા, ઈંગ્લેન્ડથી પ્રાપ્ય. વિગતો માટે પત્ર સંપર્ક બેંગ્લોર.

★

# આ સાધનાયાત્રા......
# ..... તેના પરમ-નિમિત્ત શ્રી સહજાનંદઘનજીનાં આશીર્વચનોમાં

હંપી, ૧૮-૧૧-૧૯૬૯

મુમુક્ષુબંધુશ્રી પ્રતાપભાઈ,

બેંગ્લોરથી તમારો લેખ શ્રી ચંદુભાઈ દ્વારા પોસ્ટથી પ્રાપ્ત થયો. અહીં અવનવા જિજ્ઞાસુઓનું આવાગમન અને તેઓ સાથેની ધર્મચર્ચામાં સમયનો ખર્ચ થતો હોવાથી એ લેખ ઊડતી નજરે જોઈ ગયો. તેમાં કંઈ કંઈ સુધારો વધારો કર્યો છે. બાકી આ દેહધારીને ઉપમા આપવામાં તમે છૂટ વધારે લીધી છે. કેટલાક પ્રસંગવર્ણનોમાં જે બિના અન્ય વ્યક્તિઓના મુખે તમે સાંભળેલી છે તે જો અહીં આ દેહધારીને પૂછી એને મોઢે સાંભળી હોત તો તે તે પ્રસંગો કોઈ અનેરી રીતે લખાત. તમારા અંગત અનુભવો વાંચી પ્રસન્નતા થઈ. એ આખા લેખ વિષે તમે આઝાદ છો અને આ દેહધારી કોઈની આઝાદીમાં હસ્તક્ષેપ કરવાની વૃત્તિથી પ્રાયઃ અસંગ રહેવા ટેવાયેલો છે. અતઃ આ લેખ ઉપર સ્વામિત્વ કેમ ધરાવે ?

તમારી કાવ્યમયી શૈલી જોઈ તેને કૃપાળુદેવના વચનામૃતને ભાષાન્તર કરવામાં તમારો લાભ લેવાનો લોભ કોઈ રીતે આ આત્મામાં જાગ્યો છે ખરો. પણ તેની પૂર્તિ કોઈ અવસરે જોઈશું.

બાકી ઉક્ત લેખની વિશેષ સમીક્ષા કરી નથી. જેમ તમને સ્વહિત સાથે પરહિતમાં એ મદદગાર નીવડે તેમ એનો ઉપયોગ કરો એ જ આશીર્વાદ છે.

વવાણિયા તીર્થે પૂ. શ્રી જવલબા અને તેમની નિશ્રામાં એકત્રિત મુમુક્ષુ ભાઈબહેનો સૌને મારા હાર્દિક જયસદ્‌ગુરુવંદન. આ લેખ મળ્યે પહોંચ જરૂર આપજો.

અહીંથી શ્રી માતાજીએ આપને અગણિત આશીર્વાદ પાઠવ્યા છે. સૌ મુમુક્ષુ ભાઈબહેનોએ હાર્દિક જયસદ્‌ગુરુવંદન જણાવ્યા છે તેનો સ્વીકાર કરજો. ખેંગારબાપાએ આપને વિશેષતઃ યાદ કર્યા છે. ધર્મસ્નેહમાં વૃદ્ધિ હો !

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**સહજાનંદઘનનાં** અગણિત આશીર્વાદ.

(હંપીના પ્રથમ દર્શન પછી બેંગ્લોર થઈ અમદાવાદ પરત આવતાં લખાયેલ પત્ર)

પરંતુ **જૈન વિશ્વવિદ્યાલય** (હાલ, હમણાંના થોડા અપૂરતા ને પંગુ પ્રયત્નો સિવાય) છેલ્લા ૨૫૦૦ વર્ષોમાં ક્યાંય નહીં !!!

આ દરિદ્રી દર્શનથી અંતર ઊંડે ઉદાસી ને વેદનાભર્યો એક ભારે અજંપો, એક ઘોર અવસાદ ઊભો થયો....સાબર તટે અને તુંગભદ્રાતટે ઉક્ત ઉપકારક પ્રત્યક્ષ પરમગુરુઓ-પ્રજ્ઞાચક્ષુ પદ્મભૂષણ ડૉ. પં. સુખલાલજી અને યોગીન્દ્ર યુગપ્રધાન શ્રી. સહજાનંદઘનજીને ચરણે બેસી અગ્રજબંધુ સંગે એની ગહન ચિંતાનાઓ ચાલી, વિવિધ આયોજનો થયા, અભ્યાસક્રમો રચાયા, સહયોગીઓ શોધાયા, સાહિત્યસંગીતનાં અનેક સર્જનો આરંભાયા, વિશ્વવિદેશોમાં સંદેશ-સંપર્કો થયા.... દરમ્યાન ઉકત ઉપકારક મહત્પુરુષો તો મહાવિદેહ - સ્વધામે સંચરી ગયા અને અનેક અંતરાયો ને પ્રતિકૂળતાઓના પહાડો ઊભા થયા, માથે અને સાથે રહી ગયા તેમનાં આજ્ઞા, અશીર્વાદ અને મહાસબળ પ્રાણ-બળ.....

પરિણામતઃ અંતરે સતત ગુંજતા રહ્યાં સાબરતટ ને તુંગાતટની ગિરિગુફાઓના ઘોષ-પ્રતિઘોષ......

એની ગૂંજ-પ્રતિગૂંજોને, વીતરાગવાણીને ભારતમાં જ નહીં, વિશ્વભરમાં અનુગૂંજિત કરવાના પરમગુરુઓના એ પરમ આદેશો અનુસાર એ પ્રતિગૂંજિત થઈ રહી ભારતની તુંગભદ્રા, કાવેરી ને ગંગા-યમુનાથી માંડી અમેરિકાની મિસિસિપિ, ડલ, કોલોરાડો આદિ. ઈંગ્લેન્ડની થૅમ્સ અને યુરોપની વૉલ્ગા જેવી અનેક સરિતાઓ સુધી શિબિરો, ધ્યાન-સંગીત-પ્રવચનોના ત્રિવિધ કાર્યક્રમો દ્વારા.

... હવે, આવી અનેક વીતરાગવાણી - વિદેશયાત્રાઓ પશ્ચાત્ - કે જેમાં પરમગુરુ-ઓનાં પ્રત્યક્ષ પ્રતિનિધિ-શા આત્મદ્રષ્ટા વાત્સલ્યમયી માતાજીનાં આજ્ઞા-આશીષ સદા સંગે રહ્યાં - વિદેશોનાં અનેક પ્રબળ ને પ્રલોભનપૂર્ણ નિમિત્તોને નિમંત્રણો છતાં, પરમા-જ્ઞાનુસાર પ્રથમ ભારતભૂમિ પર જ, એ વીતરાગવાણીના વિશ્વવિદ્યાલયની ભૂમિકારૂપે, ફળવી પ્રારંભ થઈ ચૂકી છે પેલી પરિકલ્પના : તુંગભદ્રાતટની શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની પરમગુરુ સહજાનંદઘનજીની યોગભૂમિ પરના એના જિનાલય સહિતના વિસ્તારપૂર્વે બેંગ્લોરમાં, વર્ધમાન ભારતી આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા વિશ્વવિદ્યાલયના નાનકડા કેન્દ્ર રૂપે !

પરમગુરુઓનું યોગબળ એને શીઘ્ર સાકાર કરશે જ.

**દિવ્યદર્શી**